
કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ · આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત
આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૬૨મું · અંક ૧લો · જાન્યુઆરી ૧૯૮૫ · સળંગ અંક ૭૩૩



સંગેમરમરના એક જ પથ્થરમાં કોરેલી તાજમહાલની એક જાળી



દેવયુગલ : ભારતીય સ્થાપત્યના ઇતિહાસમાં ઉત્તર ભારતમાં દસમી-અગિયારમી સદીનાં મંદિરો અને તેના પરનાં શિલ્પાંકનોનું આગવું મહત્ત્વ છે. ભુવનેશ્વર, કોણાર્ક અને ખજુરાહોનાં મંદિરો તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. આમાં યે ખજુરાહોનાં મિથુન-શિલ્પોનું સ્થાન આગવું છે. પશ્ચાદ્ભૂથી અલગ ઊપસી આવતાં આ શિલ્પોની માનવ-આકૃતિઓમાં સુદૃઢ સપ્રમાણ દેહની લલિત અંગભંગિઓ, તૃપ્ત પ્રસન્ન મુખભાવો, કંઈક મોટાં નાક અને લગભગ લમણાં સુધી પહોંચતી લાંબી આંખો એ તેની લાક્ષણિકતા રહી છે. આ દેવયુગલ પણ ત્યાંની જ શિલ્પકળાનું એક રત્ન છે. લગભગ ૬૩ સેન્ટીમીટરના તેના નાનકડા કદમાં અને રેતિયા પથ્થરમાં પણ શિલ્પીએ જે ઝીણવટભર્યું સુંદર કંડારણ કર્યું છે તેનું માધુર્ય અને કૌશલ ખંડિત દશામાં પણ આ શિલ્પમાં દીપી ઊઠે છે.

વાચકો લખે છે...

૧૯૮૪નું વર્ષ ઝંઝાવાત બનીને આવ્યું. આપણે બે શ્રેષ્ઠ પક્ષીવિદો અને પ્રકૃતિશાસ્ત્રીઓ ગુમાવ્યા. એક તે મુ. શ્રી હરિનારાયણભાઈ અને બીજા તે મુ. શ્રી પ્રદ્યુમ્નભાઈ. એમાંય તે શ્રી હરિનારાયણભાઈ તો એક શ્રેષ્ઠ લેખક પણ હતા. બંને 'ફિલ્ડનેચરાલિસ્ટ.' બંનેનો અનુભવ બહોળો અને જ્ઞાન ઉચ્ચ કોટિનું. તેમાં ય શ્રી હરિનારાયણભાઈની ભાષા ઘણી કાવ્યમય અને અભિગમ શુદ્ધ શાસ્ત્રીય.

શ્રી પ્રદ્યુમ્નભાઈ સાથે પ્રત્યક્ષ પરિચય બિલકુલ નહિ. એમનાં મોટા ભાગનાં પુસ્તકોના પ્રકાશક શ્રી ઉમારાંકરભાઈ રાજગુરુનો આ તબક્કે હું આભાર માનું છું. એમના કહેવાથી 'માછલી-ઘરની માવજત' નામે પુસ્તકમાં માછલીઓનાં એકાદ-બે ચિત્રો, વૈજ્ઞાનિક શબ્દોના પર્યાયો અને ચિત્રોનાં લેબલિંગ કરવાનો લ્હાવો મને મળ્યો હતો. તેવી જ રીતે, એમના 'પંખી-જગત'નું રંગીન આવરણ-ચિત્ર તૈયાર કરવાનો મોકો પણ મને મળેલો. જોકે કેટલાંક કારણોસર એ પાર ન પડયું એનો વસવસો છે. આ ઉપરાંત, શ્રી પ્રદ્યુમ્નભાઈનાં લખાણોને તથા પુસ્તકોને એમના જ હસ્તાક્ષરોમાં વાંચવાનો લાભ પણ મને મળેલો. ઓડોબન ઉપરનો એક વિસ્તૃત લેખ 'પંખીજગત'માં લેવાની એમની નેમ હતી. એ મૂળ લેખ પણ મને વાંચવા મળ્યો હતો. શ્રી ઉમારાંકરભાઈ રાજગુરુ પાસે શ્રી પ્રદ્યુમ્નભાઈનું લખેલું કેટલુંક લખાણ હજુ પણ પત્રોરૂપે તથા લેખો રૂપે પડયું છે, તે જો પ્રસિદ્ધ થાય તો ઘણું નવું જાણવા મળે. 'પંખીજગત' જેવું માતબર પ્રકાશન હજુ પણ વધુ સારો ઉઠાવ આપીને તૈયાર કરી શકાયું હોત. એમાં કેટલાંક પંખીઓનાં નામો વધુ ચકાસણી બાદ પસંદ કરી શકાયાં હોત; કહો કે થોડું વધુ વૈજ્ઞાનિક બનાવી શકાયું હોત. તેમ છતાંય એના પ્રકાશક શ્રી રાજગુરુએ જે કાંઈ કરી દેખાડયું છે તેટલું પણ ઘણું છે. ટાંચાં સાધનો, મર્યાદિત મૂડી અને જૈફ ઉંમર, આ બધાં પ્રતિકૂળ ઘટકો સામે એમણે એકલે પંડે હામ ભીડી બતાવી છે. બીજા જાણીતા પ્રકાશકો જ્યારે માત્ર નવલકથાઓ, લોક-પરલોક, ભૂત-ભવિષ્ય કે બે ઘડી ગમ્મત આપતાં પુસ્તકો આપવાનું જ જાણે કે ધ્યેય લઈને બેઠેલા છે, ત્યાં આવા પ્રકાશક પણ છે એ જાણીને આનંદ થાય છે. ગુજરાતની પ્રકૃતિપ્રેમી જનતા અને ખાસ તો આ વિજ્ઞાનના રસિયા વાચકો-લેખકો શ્રી રાજગુરુના હમેશાં ઋણી રહેશે.

'માછલી-ઘરની માવજત' અને શ્રી રાજગુરુના ઉલ્લેખ સાથે એક બીજી ઘટના યાદ આવે છે. આ પુસ્તકના પાન ૧૫૯ ઉપર 'ટૂંક સમયમાં પ્રગટ થશે' મથાળા હેઠળ ખગોળના મારા એક પુસ્તકની પ્રકાશક તરફથી જાહેરાત જોઈ શકાશે. એની હસ્તપ્રત સંપૂર્ણ તૈયાર હતી. એમાં પુષ્કળ આકૃતિઓ પણ મૂકવામાં આવેલી. એ બધું હું એક વી.આઈ.પી. બૅગમાં લઈને ફરતો રહેતો. હસ્તપ્રત લેવા જે દિવસે શ્રી રાજગુરુ આવવાના હતા, એની આગલી રાત્રે હૉસ્પિટલેથી ઘેર જતાં, કારમાંથી એ ચોરાઈ ગઈ. કદાચ બૅગની લાલચે કોઈ ઉઠાવી ગયુ. ગઈ તે ગઈ! સાથે કેટલાક દુર્લભ સંદર્ભ ગ્રંથો પણ હતા. એ પછી આજ દિન લગી એ ફરી-લખાયું નથી!

શ્રી પ્રદ્યુમ્નભાઈના કોઈ પણ એક પુસ્તકે મને વધુ આકર્ષિત કર્યો હોય તો તે 'કુદરતની કેડીએ' (ભાગ ૧, ૨). એક સ્વાનુભવસિદ્ધ પ્રકૃતિપ્રેમીની આ નોંધપોથી છે. શ્રી સોમાલાલ શાહ એમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટ ચિત્રોમાં પણ સોળે કળાએ ખીલી ઊઠર્યા છે. શ્રી સોમાભાઈ ઉપરાંત, શ્રી રવિશંકર પંડિત પણ એવા જ આપણા એક શ્રેષ્ઠ પ્રાણી-ચિત્રકાર છે.

અંગ્રેજીમાં તો આવાં પુસ્તકોનો તોટો નથી. ઉદાહરણ તરીકે થોડાંકનાં નામ લઈએ: 'Memories of a Game Ranger' (લેખક: Harry Wolhuter, ચિત્રકાર: C. T. Astely – Maberley), 'The Temple Tiger' (ચિત્રઆલેખક: Raymond Sheppard) જેવાં અનેક પુસ્તકોના લેખક જીમ કૉરબેટ તથા જમશેદપુરમાં જન્મેલા જિરાલ્ડ ડયુરેલ (Gerald Durrell) જેવા લેખકનાં અનેક પુસ્તકો આ કક્ષાનાં છે. સ્વૈરવિહારી રખડપટ્ટીનાં ઠારનામાં આ લેખકોએ બહુ રસમય શૈલીમાં પિરસ્યાં છે. શ્રી પ્રદ્યુમ્નભાઈનું ઉપરોક્ત પુસ્તક આ કક્ષામાં મૂકી શકાય. શ્રી પ્રદ્યુમ્નભાઈના જીવન અંગે વધુ જાણકારી તથા એમની અને એમના જેવી વ્યક્તિઓની આપણા સમાજે કરેલી ઉપેક્ષાના નમૂના જેણે જોવા હોય તેમણે રાજકોટના 'પ્રકૃતિ–પરિવાર' નામના મંડળના 'પ્રકૃતિ-પત્ર' નંબર-૪ (નવેમ્બર, ૧૯૮૪)માં એ સંસ્થાના એક આધારસ્તંભ શ્રી દિલીપભાઈ મ. માંકડે લખેલો લેખ ગમે ત્યાંથી મેળવીને વાંચવો રહ્યો.

ઈ ૧૯૮૪નું વર્ષ આપણા હવામાનશાસ્ત્રી પ્રો. કે. આર. રામનાથનને પણ લેતું ગયું. ડૉ. વિક્રમભાઈ ને રામનાથન('મિ. ઓઝોન')*ના પ્રયત્નોથી જ અમદાવાદ વિજ્ઞાનના નકશામાં ચમકયું છે. આ ઉપરાંત, દુનિયાએ બે શ્રેષ્ઠ ભૌતિકશાસ્ત્રીઓ પણ ગુમાવ્યા. બંને બ્રિટનના. બંનેને નૉબેલ પારિતોષિકો મળેલાં. એમાંના એક તે પ્રો. પી. એ. એમ. ડિરાક (Dirac) અને બીજા તે માર્ટિન રાયલ (Ryle). પ્રતિ-કણ, પ્રતિ-પદાર્થ (ઍન્ટિ-મૅટર)ના શોધક તે ડિરાક. દુનિયાની કોઈ પણ ભાષાનું ભૌતિકશાસ્ત્રનું પાઠયપુસ્તક ઉઘાડો અને તેમાં ડિરાકનું નામ તમે જોઈ શકશો. અને છતાંય આવી કક્ષાનો વૈજ્ઞાનિક ભરી મહેફિલમાંથી કયારે ઊઠી ગયો તેની નોંધ સુધ્ધાં બહુ ઓછાએ લીધી. સાચે જ, કાગડા બધે કાળા જ હોવાના.

પ્રો. જયંત નારલીકરની વાર્તાઓ 'કુમાર'નું આભૂષણ છે. એના અનુવાદક શ્રી ભરતભાઈ પાઠકને અને તમને અભિનંદન. નારલીકરની વાર્તાઓ બીજે પણ વાંચી છે (અંગ્રેજી તથા હિન્દીમાં), પણ સળંગ અંક ૭૩૦–૭૩૧ માંની એમની વાર્તા 'પુનરાગમન' શિરમોર સમી છે. એમાં ચર્ચેલી પેલી 'વિભક્તિકરણની પદ્ધતિ' આજકાલ ટી વી ઉપર દેખાડાતી 'સ્ટ્રાર-ટ્રેક' સીરીઝમાં કાયમ દર્શાવાય છે. (જોકે તાજેતરમાં જ ટી વી પર એ બંધ થઈ છે.)

કરટક નામના પાત્રને પૃથ્વીવાસીઓ વચ્ચે શોભે એવા હોશિયાર વૈજ્ઞાનિક તરીકે મોકલી અપાય છે. કરટકનું શું આઈન્સ્ટાઈન કે પછી મૅક્સ પ્લૅન્કના રૂપે 'પુનરાગમન' થયું હશે? આ બંને વૈજ્ઞાનિકોએ સૂચવેલા વિચારો તદ્દન નવા જ હતા, જે પાછળથી ક્વૉન્ટમ-વાદરૂપે વિકસ્યા. જો આઈન્સ્ટાઈન કે પછી પ્લૅન્ક 'પુનરાગમન' પામ્યા ન હોત તો આપણું વિજ્ઞાન હજુ કયાં હોત તે કલ્પવું અઘરું નથી. કમસે કમ, પરમાણુની અંદર ડોકિયું કરીને ક્વાર્ક (Quarx) તથા લેપ્ટોન (ઇલેકટ્રોન વગેરે) સુધી પહોંચાયું ન હોત, અને સાપેક્ષતાનો વ્યાપક સિદ્ધાંત (Theory of General Relativity) તો આઈન્સ્ટાઈન વગર ભાગ્યે જ શોધાયો હોત એવું ડિરાકે જ કયાંક લખ્યું છે! આ સંદર્ભમાં આપણે કરટકને આ બંનેમાંથી કોઈ એક વૈજ્ઞાનિક તરીકે કલ્પી શકીએ.

(અનુસંધાન પૃષ્ઠ ૪ પર)

* પ્રો. કે. આર. રામનાથનનો વિસ્તૃત પરિચય ડૉ. સુમંત લખી રહ્યા છે. તુરતમાં જ એ 'કુમાર'માં પ્રકટ થશે. —સં.

કુમાર પ્રકાશન ટ્રસ્ટ

ગુજરાતના કલાગુરુ સ્વ. શ્રી રવિશંકર રાવળે સમાજના સાંસ્કારિક ઉત્કર્ષના ઉચ્ચ આશયથી ૬૧ વર્ષ પૂર્વે 'કુમાર' માસિકની સ્થાપના કરી, અને સ્વ. શ્રી બચુભાઈ રાવત જેવા નિષ્ઠાવાન સાહિત્ય–કલાભક્તે તેની પ્રગતિ માટે જીવનભર અવિરત પરિશ્રમ કર્યો, તે ઉદ્દેશો અને ભાવનાને ચિરંજીવ બનાવી તેને પાંગરતાં રાખવા ગુજરાતના કલા-સંસ્કારવાંછુઓના આગ્રહથી 'કુમાર'ને આ જાહેર ટ્રસ્ટ–'કુમાર પ્રકાશન ટ્રસ્ટ'માં ફેરવવામાં આવ્યું છે.

'કુમાર'ના અદ્ભુત કર્મયોગથી સૌ પરિચિત છે. અનેક લેખકો–કવિઓ. કલાકારો, સંસ્કાર-પ્રેમીઓએ આ 'કુમાર'ના વટવૃક્ષ તળે પ્રેરણા પામી સમાજનાં વિધવિધ સંસ્કારક્ષેત્રોની સેવાઓ કરી છે. 'કુમાર' માટે આજે દરેકને અત્યંત લાગણી અને આદર છે.

પરંતુ હમણાં થોડાં વર્ષોથી સતત વધતી પારાવાર મોંઘવારી વગેરેનાં કારણે 'કુમાર' ભારે આર્થિક ભીંસમાં આવી જવાથી લિમિટેડ કંપની દ્વારા તેનું પ્રકાશન જારી રાખવું શક્ય નથી. આથી એના પ્રકાશનની જવાબદારી ઉપાડી લેવા હવે આ જાહેર ટ્રસ્ટની રચના કરવામાં આવી છે.

થોડા માસ પૂર્વે આ અંગે શ્રી અરવિંદભાઈ એમ. શાહ તથા અન્ય 'કુમાર'-ચાહકો દ્વારા 'કુમાર શુભેચ્છક સમિતિ'ના ઉપક્રમે મુંબઈમાં 'ધી ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર'ના હોલમાં જાણીતા પીઢ કેળવણીકાર શ્રી અમૃતલાલ યાજ્ઞિકના પ્રમુખપદે એક સંમેલન યોજાયું હતું. જેમાં સર્વશ્રી યશવંત દોશી, લાલભાઈ પી. શાહ, રામુ પંડિત, હરીન્દ્ર દવે, અજિત શેઠ જેવા મુંબઈના વ્યક્તિવિશેષો અને મરાઠીભાષી છતાં 'કુમાર'ના પ્રેમી મુંબઈના આસિસ્ટંટ પોલીસ કમિશનર અરવિંદ જી. પટવર્ધન સહિત સંખ્યાબંધ કુમારપ્રેમી સજ્જન-સન્નારીઓએ હાજરી આપી 'કુમાર'ને માટે ખૂબ સદ્ભાવ દાખવવા સાથે ટ્રસ્ટને માટે સારો એવો ફાળો એકત્ર કરવામાં સહાયભૂત બનવા ઉત્સાહ બતાવ્યો હતો.

હવે જ્યારે 'કુમાર' એક જાહેર ટ્રસ્ટ બન્યું છે અને તેને અપાતાં દાન પણ આવકવેરાની કલમ–૮૦જી મુજબ કરરાહતને પાત્ર બને છે. ત્યારે 'કુમાર'ના ચાહક મિત્રોને અમે આગ્રહભરી વિનતિ કરીએ છીએ કે આપ, આપના મિત્રો–સંબંધીઓ, સંસ્થાઓ, શાળા–કૉલેજો, ટ્રસ્ટો દ્વારા 'કુમાર પ્રકાશન ટ્રસ્ટ'ને દાનની સારી રકમ મોકલીને સાહિત્ય–કળા–સંસ્કારના ઘડતર અને જ્ઞાનપ્રચાર સહિતની અનેકવિધ સેવા બજાવનાર આ વિશિષ્ટ સામયિકને ટકાવવામાં સહાયભૂત બનશો. આ ઉપરાંત, આપ આપના સ્નેહી-સંબંધીઓ અને મિત્રોના વર્તુલમાંથી 'કુમાર'ના નવા ગ્રાહકો મેળવી આપીને તથા આપની જાહેરાતો આપીને પણ 'કુમાર'ની આગેકૂચ જારી રાખવામાં સાથ આપશો.

આપનો ચેક 'કુમાર પ્રકાશન ટ્રસ્ટ', કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦૦૦૧ ના સરનામે મોકલી જ્ઞાન-સંસ્કાર માટેના યજ્ઞકાર્યમાં સહભાગી બનશો એવી અમને શ્રદ્ધા છે.

પ્રભુદાસ બાલુભાઈ પટવારી   **નવનીતલાલ ગોરધનદાસ ચોકસી**
હીરાલાલ હરિલાલ ભગવતી   **ભાલચંદ્ર રતિલાલ શાહ**
અશોકભાઈ બચુભાઈ રાવત

મુંબઈમાં આપનું દાન **શ્રી અરવિંદભાઈ એમ. શાહ,** કુમાર શુભેચ્છક સમિતિ–મુંબઈ C/o. મેસર્સ એલ. પી. શાહ ઍન્ડ સન્સ, સેન્ટ્રલ બિલ્ડિંગ નં. ૨, ૧લો માળ, ન્યૂ સિલ્ક બજાર, કાલબાદેવી પોસ્ટ ઑફિસ સામે, મુંબઈ–૪૦૦૦૦૨ ના સરનામે પણ આપ મોકલી શકશો.

‘કુમાર’નું વાર્ષિક લવાજમ

૨૮ ફેબ્રુઆરી–’૮૫ સુધી રૂ. ૩૦ અને તે પછી પહેલી માર્ચથી રૂ. ૪૦ (પરદેશના રૂ. ૧૦૦) રહેશે. જે મનીઑર્ડર અથવા બૅંક-ડ્રાફ્ટ દ્વારા જ મોકલવા વિનંતિ. બૅંક કમિશનના રૂ. ૩ ઉમેર્યા સિવાયના લવાજમના ચેક સ્વીકારવામાં આવશે નહિ.

(મનીઑર્ડર, બૅંક-ડ્રાફ્ટ અને ચેક કુમાર કાર્યાલય લિમિટેડના નામનો લખવો.)

લવાજમ મોકલતી વેળા મનીઑર્ડર ફૉર્મમાં કે તે અંગેના પત્રવ્યવહારમાં પોતાનું નામ અને પિનકોડ નંબર સાથે પૂરું સરનામું સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખવાં તથા જૂના ગ્રાહકોએ પોતાનો ગ્રાહક-નંબર પણ જણાવવા વિનંતિ.

અનુક્રમ

જાન્યુઆરી ૧૯૮૫

સળંગ અંક ૭૩૩

ચિત્રો

સંગેમરમરના એક જ પથ્થરમાં કોરેલી તાજમહાલની એક જાળી પૂઠું
દેવયુગલ (ખજુરાહોનું શિલ્પ) મુખચિત્ર

કાવ્યો

રહ્યાં મારે ન્હાવા (શશિશિવમ્) ૫
પૃથ્વી પરના ઘરે (દેવજી રા. મોઢા) ૫
અડધું (હસિત બૂચ) ૫
મૂશળધાર વરસ (રાજેશ વ્યાસ) ૫
ઝરણું (પાર્થ મહાબાહુ) ૫

ચરિત્ર

આના પાવલોવા ૬
ઑપરેટર (ચરિત્રનિબંધ) ભગીરથ બ્રહ્મભટ્ટ ૧૧

વાર્તા

ઑપરેશન ચિત્ત(ત્ર)ચોર – ૨ પુષ્કરભાઈ ગોકાણી ૯
મંગળની વીંટી (લઘુકથા) પ્રફુલ્લ રાવલ

લેખો

મિરતોલા આશ્રમ (હિમાલયનાં સંસ્મરણો-૨) નવનીત પારેખ ૧૩
નરવો નિજાનંદ હેમા યાજ્ઞિક ૧૭
બ્રિજ અને શતરંજ સુરેશ મોદી ૧૮

વિભાગો

વાચકો લખે છે ૧
કલાવાર્તા (હરિશ્ચન્દ્ર ખત્રીની કાગળકટાઇ, મેસ્કલ) ૧૯
સાહિત્યસંપર્ક ૨૨
છેલ્લું પાનું ૨૪

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

‘કુમાર’ કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ - ૧૪૫૪ રાયપુર ચકલા - અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૪૦-૦૦; પરદેશ : રૂ. ૧૦૦-૦૦ અથવા પાઉન્ડ ૮ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૪-૦૦

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૧થી

આ કક્ષાની વિજ્ઞાનકથાઓ બહુ ઓછી લખાય છે. આઇઝેક આસિમોવની ઘણી વિજ્ઞાનકથાઓ આવી ઉચ્ચ કોટિની હોય છે. તેની લખેલી 'The Billiard Ball' નામની ટૂંકી વાર્તા આ સંદર્ભમાં યાદ આવે છે. એમાં આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના વ્યાપક (સામાન્ય) સિદ્ધાંતને સાંકળી લઇને સુંદર રહસ્યકથા (ખૂનકથા) બનાવાઈ છે. 'If' નામના વિજ્ઞાન-કથાના સામયિકમાં એ સર્વપ્રથમ ૧૯૬૭માં પ્રસિદ્ધ થએલી, 'Asimov's Mysteries' નામના પુસ્તકમાં એ પુનઃ-મુદ્રિત થએલી છે. સાપેક્ષતાના સામાન્ય સિદ્ધાંતને (જે ઈ. સ. ૧૯૧૫માં પ્રસિદ્ધ થયો) આવરી લેતી આવી કથા આ અગાઉ કોઈ પણ લેખકે આપી નથી. જેને રસ હોય તેણે એ અવશ્ય વાંચવી. એવી જ એક બીજી નવલકથા છે 'શ્રોડીન્જર્સ કૅટ' (Schrodinger's Cat), એના લેખક છે: Robert Anton Wilson, ક્વૉન્ટમ-વાદ ઉપર આધારિત આ વૈજ્ઞાનિક નવલકથા બહુ રસમય અને સંપૂર્ણ વૈજ્ઞાનિક છે.

એક પ્રશ્ન પૂછું છું: ૧૯૭૪, '૭૫, '૭૬ના અરસામાં દિલ્હીના 'હિન્દ પૉકેટ બુક્સ' તરફથી 'સમયકે સ્વામી', 'નક્ષત્રોંકા યુદ્ધ' વગેરે નામે આશરે આઠેક જેટલી વિજ્ઞાન-નવલકથાઓ પ્રસિદ્ધ થએલી. એમાંની કેટલીક ખરેખર સુંદર હતી. કદાચ અંગ્રેજીમાંથી અનુવાદ પામેલી પણ હોય. એના લેખક હતા: 'પ્રો. દિવાકર'. સંભવ છે કે આ ઉપનામ હોય. એમાંની કેટલીક નવલકથાઓની શૈલી જોતાં નારલીકરનો સહેજ અણસાર આવે. તો શું બંને એક જ હશે?

નારલીકર સાથે એક મીઠું સંસ્મરણ સંકળાએલું છે. પણ એવી અંગત વાતમાં ક્યાં ઊતરવું? ફરી કોઈ વાર. આજે તો આટલું જ.

(અમદાવાદ) —ડૉ. સુશ્રુત પટેલ

∞

ડિસેમ્બરના અંકમાં 'કુમાર'નું લવાજમ રીન્યૂ કરાવવા અંગેની આપની નોંધ વાંચી એકાદ બે મુદ્દા કહેવાની ઇચ્છા થાય છે.

ગ્રાહકો ઉપર બોજ ન પડે તે માટે લવાજમ વધારવાની આપની અનિચ્છા માટે માન છે. વિચાર અતિ ઉમદા છે. તે માટે જરૂર બધા જ અભિનંદન આપશે. પણ અભિનંદનથી શું પેટ ભરાશે?

દુનિયાભરમાં સારી વાચન-સામગ્રી અથવા વિશાળ અર્થમાં લઇએ તો કોઈ પણ સારી વસ્તુ સસ્તી નથી મળતી -- ન જ મળી શકે. ગ્રાહકોનો વિચાર કરવો ઉત્તમ છે, પરંતુ 'કુમાર'નું ધોરણ જાળવી રાખવું હોય કે સુધારવું હોય તો આવો વિચાર ન પાલવે.

આપણે દેશનાં અને વિદેશનાં બીજાં સારી કક્ષાનાં મૅગેઝિનો જોઇને સરખામણી કરીએ તો 'કુમાર' ઘણું પાછળ રહી જશે કારણ? ઉત્તમ વસ્તુ સસ્તી આપવાની ઉમદા ભાવના. આજે પ્રિન્ટિંગ ટૅક્નોલૉજી ઘણી આગળ વધી ગઈ છે, હવે હૅન્ડ કૉમ્પોઝિંગને બદલે ફોટો-કૉમ્પોઝિંગ અને ઑફ્સેટ પ્રિન્ટિંગ આવી ગયું છે. અને આ બંને ટૅક્નોલૉજી યે આગળ ને આગળ વધતી જ રહી છે. મોડેવહેલે આ પ્રકારની નવીન ટૅક્નોલૉજી 'કુમાર' નહિ અપનાવે તો તે પણ અમદાવાદની મિલોની માફક ફેંકાઈ જશે. લવાજમ વધારાથી વાચકોને થતા દુઃખ કરતાં તે દુઃખ અવશ્ય વધુ હશે.

'કુમાર'ના ઘણા ગ્રાહકો વિદેશી મૅગેઝિનો ખરીદતા-વાંચતા હશે. મોંઘાં હોવા છતાં તેની ખરીદીનાં કારણોમાં ઉચ્ચ કક્ષાની વાચન-સામગ્રી, તેનું પ્રિન્ટિંગ, રંગીન ચિત્રો, સારો કાગળ વગેરે પણ કારણભૂત હોઈ શકે. તેવી જ રીતે 'કુમાર' પણ આકર્ષણ બની શકે...

હું નીચેનાં સૂચનો કરું છું. તેના પર યોગ્ય વિચારણા થશે તેવી આશા છે: (૧) ફોટો-કૉમ્પોઝ અને ઑફ્સેટ પ્રિન્ટિંગ શરૂ કરવું. ૨) આપવામાં આવતાં બધાં જ ચિત્રો કે ફોટોગ્રાફ રંગીન આપવાં. ૩) પુરસ્કારનું આપનું હાલનું પ્રમાણ જાણતો નથી, પણ તે લેખકોને આકર્ષક લાગે તેવું રાખવું. ૪) ડિપૉઝિટ સ્વીકારવી. આ ડિપૉઝિટની રકમ 'કુમાર' પાસે રહે ત્યાં સુધી 'કુમાર' એમને મળતું રહે. આથી એક સાયકોલૉજિકલ સંતોષ થશે કે મૂળ રકમ પાછી મળવાની છે, અને વળતર મળી રહે છે.

આપ પણ કદાચ આ કે આ પ્રકારે વિચારતા હશો. અલબત્ત, આરંભમાં અનેક મુશ્કેલી પડશે, પરંતુ લાંબા ગાળે તે લાભદાયી નીવડશે. આમાં એક મોટો ફાયદો એ થશે કે એથી ઉચ્ચ કક્ષાની રંગીન જાહેરખબરો મળી શકશે. અલબત્ત, આજે મળતી જાહેરાતો આપનારાઓના આપણે જરૂર આભારી છીએ.

'કુમાર ના હાલના ગ્રાહકો તેના ચાહકો હશે જ, એટલે લવાજમ વધારાનો ખાસ તાકિક વિરોધ થાય તેમ હું માનતો નથી.

(નર્મદાનગર–ભરૂચ) — એ. કે. દેસાઈ

* 'કુમાર'ના ચાહકો અને હિતેચ્છુ મિત્રોએ 'કુમાર શુભેચ્છક સમિતિ' રચીને ગયા માર્ચમાં મુંબઈમાં એક મિલન યોજ્યું હતું. એ સમયે ઉપસ્થિત સૌ સજ્જનો પાસેથી 'કુમાર' અંગે અભિપ્રાયો અને સૂચનો પણ માગવામાં આવેલાં. આપે કર્યાં છે તેવાં સૂચનો પૈ તેમાં મળ્યાં છે. તદ્દન વ્યાજબી છે તે, પરંતુ 'કુમાર'ની તાત્કાલિક સમસ્યા આર્થિક સધ્ધરતાની છે. આના એક ઉપાય તરીકે આ અંકમાં અન્યત્ર જાહેર કર્યા પ્રમાણે 'કુમાર પ્રકાશન ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી છે. બીજો ઉપાય હતો લવાજમ વધારાનો. ચાર વર્ષ પહેલાં 'કુમાર'નું વાર્ષિક લવાજમ વધારીને ત્રીસ રૂપિયા કરેલું, પણ તે પછીના ગાળામાં કાગળ, છપાઈ, બ્લૉક-મેકિંગ અને અન્ય અનેક જરૂરી ચીજવસ્તુઓ તથા પગાર વગેરેના દર સતત વધતા જ રહ્યા છે તે સૌ કોઈ જાણે છે. આ સંજોગોમાં અમુક ધ્યેય લઇને જ ચાલતું કોઈ પણ સામયિક કે કાર્ય જારી રાખવું અત્યંત મુશ્કેલ બની રહે એ પણ સમજી શકાય તેવું છે. પાછલાં ચાર વર્ષ દરમિયાન અન્ય સામયિકોએ લવાજમ વધારવું પણ પડયું જ છે. પરંતુ અવ્યાવહારિકતાનું આળ ઓઢીને યે અમે એક ભાવનાથી લવાજમ વધારો પાછો ઠેલ્યે રાખ્યો. પણ આપના જેવા અનેક ચાહકોની હૈયાધારણથી તથા આજના સંજોગોમાં હવે અનિવાર્ય બની રહેતાં 'કુમાર'નું વાર્ષિક લવાજમ વધાર્યા સિવાય છૂટકો નથી. ઘરનાં બાળકોના ખિસ્સાખર્ચ, રેઢિયાળ ફિલ્મની ટિકિટ કે તમાકુના માવા-મસાલાના માસિક ખર્ચ કરતાં યે ઓછો આ વધારો લવાજમની સામે પસ્તીનો હિસાબ ન ગણતાં જ્ઞાન-સંસ્કારના વળતરનું મૂલ્ય સમજનાર કોઇને યે ભારે નહિ લાગે. આ અંકમાં અન્યત્ર જાહેરાત છે. —સં.

∞

ભલું થજો મોજ પ્રકાશન, શ્રી જયંતભાઈ (પ્રો. નારળીકર) અને શ્રી ભરતભાઈનું તથા તંત્રીશ્રીનું કે જેને લીધે અમે 'પુનરાગમન' ('કુમાર' અંક ૭૩૦–'૩૧) વાંચવા ભાગ્યશાળી થયા. 'નગાધિરાજ હિમાલય' – શ્રી નવનીત પારેખ એમ વાંચતાં જ 'કુમાર' ચન્દ્રકવાળી છબિ અને 'અગસ્ત્યને પગલે' લેખમાળા યાદ આવી. પછી તો નીચે ફોટો પણ જોયો અને ઉપર નોંધ પણ જોઈ. એ અંકો કાઢયા અને લેખમાળા ફરી વાંચી જવા તૈયારી કરી. મારા એક વકીલ મિત્રે કહ્યું હતું: 'હું સંપૂર્ણપણે નાસ્તિક હતો. પણ હિમાલયના દર્શનથી ઈશ્વર જેવું કશુંક છે એવી મને અનુભૂતિ થઈ છે.' હિમાલયનાં ઘણાં વર્ણન વાંચ્યાં છે પણ આ વર્ણન વાંચતાં હિમાલય મને જાણે નિમંત્રણ આપી ગયો.

(અનુસંધાન પૃષ્ઠ ૨૧)

રહ્યાં મારે ન્હાવા / શશિશિવમ્

શિખરિણી - સૉનેટ

તને ચાહે પૃથ્વી, વનવન તણાં વૃક્ષકુસુમો.
નિહાળી હૈયાની વિપુલ સુષમા વ્યોમ હરખે;
ખીલેલાં નેત્રોની દ્યુતિ પલકતાં તારક હસે,
શશી જોઈ તારું વદન વરસે પ્રેમકિરણે
અમી; લ્હેરાતો આ પવન કરતો લાડ ઉરનાં.
ગતિના લાસ્યે શું ઝરણ સરિતા વ્હાલ વરસે!
લતાઓ વર્ષાવે હૃદય ભરીને સ્નેહસુરભી
સખી! તન્વી કાયા તુજ તરલ જોઈ લહરતી.

મહોરેલા કંઠે મધુર લયને કોકિલ સુણી
વહાવે કુંજોથી સભર ઉર-આલાપ પ્રણયે,
મયૂરો જોઈને તુજ કટિ તણો લંક ઠમકે;
તરંગોની છોળે ઉદધિ ચરણે રત્ન ધરતો.
તને ન્હાવા સૃષ્ટિ સકળ નિજ લાવણ્ય ધરતી;
રહ્યાં મારે ન્હાવા હૃદય નયનો બે જ ધરવા.

અડયું / હસિત બૂચ

રવિનેત્ર
ભલે, ન ઊઘડયું!
નભનું ઓજસ પોપચે અડયું.

મૂશળધાર વરસ / રાજેશ વ્યાસ

• ગઝલ •

ખૂબ તરસ્યો છું ધોધમાર વરસ,
તોડ બંધન બધાં ધરાર વરસ.

કોઈ એકાદ જણ તો ભીંજાશે,
છે વરસવું ભલે અસાર, વરસ.

મન અમારું ય સાવ માટીનું,
બસ અમસ્તું ય એક વાર વરસ.

યાદ પેઠે ફરી ફરીને તું;
આવ આવીને અનરાધાર વરસ.

આજ પણ કોઈ ભલે ના આવે,
આજ અંદર નહીં બહાર વરસ.

કોઈ ટહુકે છે ખૂબ આવેશથી,
ચાલ મિસ્કીન મૂશળધાર વરસ.

પૃથ્વી પરના ઘરે / દેવજી રા. મોઢા

શિખરિણી • સૉનેટ

જરી આવી છું તો ઘર મહીં ફરી દૃષ્ટિ કરી લૌં:
કયી ત્યાંની ત્યાં રૂહે, કયી ચીજ તણી ફેર-બદલી
થઈ આ ગાળામાં; સહુ પ્રથમ તો મારી જ છબી
ભીંતે ટાંગી'તી તે, તહીંથી ઊતરી ટેબલ પરે
તમારા આવા ગૈ! મુજ રૂમ થકી બાર પડતું
રસોડામાં, તેને ચણી લઈ સીધું ઓસરી મહીં
નવું પાડયું; ઝૂલો શિશુ-રમતમાં વિઘ્ન રચતો,
લઈ તેને બાજુ પર, કીધ તમે ચોખ્ખું ફળિયું!

અમારા સ્વર્ગે ના કશું ય બદલે, એમ જ રહે
બધું યે થીજેલું; સ્થળ સમયની એકવિધતા
નરી ન્યાળી ત્રાસી ગઈ હું અબ તે; એક પૃથિવી
તમારી એવી જ્યાં પલ પલ ધરે રૂપ નવલાં!
વસું આવી પૃથ્વી પર, તહીંથી જો થાય છૂટકો;
મળી જાયે પાછાં ઘર વર શિશુ ચોક હીંચકો!

ઝરણું / પાર્થ મહાબાહુ

- શિખરિણી •

ખર્યું ઉલ્કા જેવું પરવત પરેથી સરકતું
પહેરી કંદોરો મૃદુલ તડકાનો, લપસતી
ફૂણી પાનીઓથી રવ મધુર નૂપુર કરતાં;
હસે આછું આછું (કુસુમ સમું) જાણે ખનકતી
(કરી ઠેકો) નાની ઘુઘરિયું જ. જ્યાંથી ઊછળતું
ઊડે ઝાંખું ઝીણું ધુસરિત ધુમાડા સમ કશું.
રચાઈ જાતાં ત્યાં તરલ મનમાં મેઘધનુઓ.

સુંવાળા સ્પર્શોથી ગલીપચી થતાં પથ્થર બધાં
હસે છાનામાના અધર દબવી દાંત વચમાં
દગો વિસ્ફારીને તરુવર જુએ ચાલ નમણી
વહેતી; નાચે વૃક્ષો, પરવત, આકાશ સઘળાં
ઝૂમે છે સંગાથે કણકણ વનોનું, પવનનું.

નિરાંતે જોતો હું મથતું તરવા કોક તરણું,
અને મારામાં યે નિસરી પડતું એક ઝરણું!

આના સદીની એક અતિ વિખ્યાત બૅલે-નર્તકી આના પાવ-લોવાના નામથી કોઈ કલારસિક વ્યક્તિ અજાણ નથી. આ વર્ષ – ૧૯૮૫ એની જન્મ-શતાબ્દીનું વર્ષ છે.

સેન્ટ પીટર્સબર્ગ એટલે કે આજના લેનિનગ્રાડમાં એક સામાન્ય ખેડૂતને ત્યાં ઈ. ૧૮૮૫ની ૩૧ જાન્યુઆરીએ એનો જન્મ થએલો સાત માસની હતી ત્યારે એ એટલી દુર્બળ દેખાતી હતી કે એના જીવવાની કોઈ આશા નહોતી. આજના જેવાં ઈન્કયુબેટર તો ત્યારે હતાં નહિ એટલે એને રૂના પોલ વચ્ચે રાખવી પડતી. પણ એ જીવી ગઈ, અને દુનિયાભરમાં નામના પણ પામી ગઈ.

આવી નાજુક બાળાને માટે જતનથી ઉછેરવા જેવી આર્થિક સ્થિતિ તો એના ઘરની હતી જ નહિ, તેમાં એ બે વર્ષની થઈ ત્યાં પિતાનું અવસાન થયું, અને મા પાસે પૈસો યે હતો નહિ. દિવસો સુધી એમને પાંઉ અને કૉબિજના સૂપ પર રહેવું પડતું. વળી બચપણમાં એક યા બીજી બીમારીમાં એના ઘણા દિવસો તો પથારીમાં જ વીતેલા. અંતે દુભાતે હૈયે માએ આનાને લિગોવો નામના એક નાના ગામડામાં એની દાદી પાસે મોકલી આપી. આ નાનકડા ગામની આના પર ઘણી અસર પડી હતી. ગામડાની હવાથી એની તબિયત સુધરી એટલું જ નહિ, ઉત્તર રશિયાના આકરા શિયાળાની ઠંડીનો પણ તેના પર કાયમી પ્રભાવ રહ્યો હતો. એના એકાકી સ્વભાવ ઘડાવા પાછળ કદાચ આ ગ્રામવાસ પણ એક કારણ હશે. દાદીની સાથે એને સારું બનતું અને એનો મોટા ભાગનો સમય ખેલકૂદમાં વીતતો. લિગોવોના એ દિવસોનો એના સમગ્ર વ્યક્તિત્વ પર પ્રભાવ રહ્યો હતો. બચપણમાં એકાકી રહેવામાં સુખ અનુભવે છે તેઓમાં મોટી ઉમરે સ્વાવલંબનની ક્ષમતા વધુ જોરદાર જોવા મળે છે. પાવલોવાના જીવનમાં પણ એવું જ બનેલું.

આના આઠ વર્ષની હતી ત્યારે તેની માતા એને નાતાલની રજાઓમાં ધી ઈમ્પીરીઅલ રશિયન બૅલેનો 'ધ સ્લીપિંગ બ્યૂટી'નો પ્રયોગ જોવા લઈ ગઈ. ભવિષ્યમાં નર્તકી બનનાર બાળાઓમાં આવાં નૃત્યો જોતાં જે પ્રતિભાવ જાગે એ આનામાં પણ પ્રગટયા. એની રગેરગમાં નર્તનનો થનગનાટ વ્યાપી ગયો. એનો આનંદ જોઈ માતાએ પૂછ્યું કે 'તને આ નર્તકીઓની સાથે નાચવાનું મન થાય છે?' ત્યારે આના યે જરાય ખચકાટ વિના તુરત કહ્યું, 'હા, પણ એમની સાથે નહિ, પરંતુ સ્લીપિંગ બ્યૂટીની જેમ એકલા'.

માતાએ પુત્રીનો ઉત્સાહ જોઈ ઈમ્પીરીઅલ બૅલે સ્કૂલમાં તેને દાખલ કરાવવા પ્રયાસ કર્યો, પરંતુ એ વખતે આનાની નાની વયને કારણે એમ બની શક્યું નહિ. એક બીજી મુશ્કેલી પણ હતી. બૅલેની તાલીમ માટે ખડતલ શરીર હોવું બહુ જરૂરી મનાતું. આના તંદુરસ્ત તો હતી, પણ એનો દેખાવ નાજુક ને દુર્બળ લાગતો. છતાં બે વર્ષ પછી માતાએ ફરી પ્રયાસ કર્યો, અને આનાને પ્રવેશ. પરીક્ષા આપવાની મંજૂરી મળી ગઈ. આ પરીક્ષામાં જ ઘણા ઉમેદવાર વિદ્યાર્થીઓની બાદબાકી થઈ જતી. શારીરિક શક્તિ અને નર્તનને યોગ્ય ક્ષમતા, દેખાવ, પગના ઢીંચણો, વૈદકીય જાંચ, સંગીત સામેના પ્રતિભાવ, લેખનવાચન, વગેરેની વિધવિધ પરીક્ષાઓ લેવાઈ અને એમાં આના ઉત્તીર્ણ થતી ગઈ. છેવટ જે વિદ્યાર્થિનીઓ યોગ્ય ઠરી તેમાંથી પણ શાળામાં સમાવી શકાય તેટલી સંખ્યાના પ્રમાણમાં જે આખરી વરણી થતી તેમાં યે આના પસંદગી પામી અને એની કારકિર્દીનો પ્રથમ તબક્કો આરંભાયો

સેન્ટ પીટર્સબર્ગના મેરીઈન્સ્કી થીએટર સાથે સંકળાએલી આ શાહી બૅલે-શાળાની તાલીમના આરંભમાં જ શિક્ષકોને લાગવા માંડેલું કે આ છોકરીમાં એનું આગવું એવું કંઈક વિશિષ્ટત્વ છે. એની ચૌદ વર્ષની વયે જ્યારે શાળાના જાહેર કાર્યક્રમમાં એ પહેલી વાર તખ્તા ઉપર નાચી ત્યારે એનું એ 'કંઈક' વધુ સ્પષ્ટ થયું. થોડા સમય પછી આના મેરીઈન્સ્કી થીએટરના તખ્તા પર પણ રજૂ થઈ. પરંતુ એ કેટલી આગળ વધશે તે શિક્ષકો હજી ચોક્કસપણે કહી શકતા નહોતા. કારણ ત્યારે બૅલે નર્તકીઓનું સમાજમાં માન હતું. બૅલેનર્તકી હોવું એ ત્યારે એક ફૅશન હતી. આ સ્થિતિ કેટલીક વાર પ્રતિભાવાન નર્તકીના વિકાસમાં અવરોધક પણ બની જતી. પોતાની પ્રાથમિક સિદ્ધિઓથી તૃપ્તિ પામી ઘણી નર્તકીઓ આગળ વધતી અટકી જતી.

આ અરસામાં પીટર્સબર્ગમાં ઈટાલિયન નર્તકી લીગ્નાનાનાં બૅલે રજૂ થયાં. ફ્રેન્ચ પદ્ધતિથી બૅલે શીખતા રશિયનોને એ બૅલેએ બહુ પ્રભાવિત કરી દીધાં. લિગ્નાનાની દેહયષ્ટિ અને એના નર્તનની અંગ-છટાઓ અજબ આકર્ષણ જમાવ્યું. આ પ્રકારના બૅલેની તાલીમ લેવાની પણ શાળામાં વ્યવસ્થા થઈ અંગકસરતો જેવી દેહછટાભરી એ શૈલી આના જેવી નાજુક નર્તકી માટે ભારે જહેમતભરી હોવા છતાં આનાએ તે પણ શીખી લીધી. આ શૈલીમાં કળા કરતાં આડંબર વિશેષ લાગતો હતો, અને આના આડંબરને તિરસ્કારતી હતી, છતાં એણે આ શૈલીની તાલીમ લીધી તે એક ભિન્ન પદ્ધતિ શીખવા ખાતર જ.

ઈ. ૧૮૯૯માં એનું શાળાજીવન પૂરું થયું. આખરી પરીક્ષામાં એણે પોતાનું હીર બતાવી સૌને મુગ્ધ કરી દીધાં. વાલેરીઅન સ્વેતલૉવ લખે છે કે, એ નાજુક, ચપળ અને નેતર જેવી લચકદાર હતી. નમણી નજાકતભરી એ કાચની પૂતળી હતી.

એ પછી તો આનાની કારકિર્દી કૂદકે ને ભૂસકે આગળ વધવા લાગી. સેન્ટ પીટર્સબર્ગનો બૅલેરસિયો વર્ગ એના પર અત્યંત પ્રસન્ન હતો. ૧૯૦૨માં એ દ્વિતીય સૅાલોઈસ્ટ બની, બીજે વર્ષે સૅાલોઈસ્ટ અને ૧૯૦૫માં 'બૅલેરિના'. બૅલેરિના શબ્દ આજે જેટલો ચલણી છે એટલો ત્યારે નહોતો. એ સમયમાં બૅલેરિના, એટલે કે અગ્રનાયિકાનું પદ પામવું એ એક બહુ મોટી સિદ્ધિ સમું ગૌરવવંતુ હતું. બૅલેની આકરી તાલીમથી એનું શરીર ખૂબ કસાએલું હોવા છતાં એની નજાકતમાં ઓટ આવી નહોતી. નમણી પરીઓની રોમાંચક કથાની નાયિકા તરીકે એ કોઈ દિવ્યાંગના સમી શોભી ઊઠતી. લિગોવોની સીમમાં ખેલતીકૂદતી છોકરી કરતાં એ હવે તદ્દન ભિન્ન અને બૅલેને જ સમર્પિત થએલી નર્તકી બની ગઈ હતી. પોતાની કલા અને પોતાના કૌશલનું એને ભાન હતું, પોતાની પ્રતિષ્ઠાથી યે તે પરિચિત હતી, પણ પોતાની સિદ્ધિને એ એક દૈવી ભેટ માનતી. કોઈ સાધ્વીને મન ધર્મ-પાલનનું જે મહત્ત્વ હોય તેવું જ મહત્ત્વ એને મન બૅલેનું હતું. લોકોની વાહવાહથી પોરસાઈ જનારી એ ન હતી. પોતે સ્વીકારેલા ધોરણ કરતાં સહેજ પણ ઊણી રજૂઆત થાય, અને પ્રેક્ષકો એને બહુ ઉમળકાથી વધાવી લે તે છતાં પોતાની ઇચ્છા કે કલ્પના મુજબ ન થઈ શક્યાનો એને સદાય રંજ રહેતો. સર્વાંગ પરિપૂર્ણતાનો તેનો આગ્રહ હમેશાં અત્યંત ચુસ્ત રહ્યો હતો.

બૅલેરિના તરીકે એનું પહેલું જ બૅલે હતું 'ધ ડાઇંગ સ્વૅાન'. ફૉકિનનું નૃત્ય-સંયોજન, સેન્ટ સાએન્સનું સંગીત અને પાવલોવાનું બૅલે. એ પહેલા જ પ્રયોગમાં કંઈક નવું જ પરિપૂર્ણ પ્રકટયાનું સૌને સ્પષ્ટ થયું. એના કંઈક લાંબા એવા હાથ અને પગના લાલિત્યે એના નર્તનને એક અનોખી પ્રતિભા આપી. એનું આ બૅલે તો આગળ જતાં જગત્‌ખ્યાતિ પામ્યું. રશિયામાં આ નૃત્યે પાવલોવાને 'પ્રાઈમા બૅલેરિના' બનાવી દીધી.

લિગોવોમાં વિકસેલી એની આત્મનિર્ભરતાએ એને કલામાં જ જીવવાને પ્રેરી. ઝારના સમયમાં રશિયામાં એક નિયમ હતો કે અગ્રગણ્ય નર્તકો ઉનાળામાં પરદેશમાં પોતાની કળા દાખવવા માટે મંજૂરી મેળવી શકે. પાવલોવાએ તેનો લાભ લીધો. જર્મની, સ્વીડન

લાલિત્યપૂર્ણ બૅલેની પોતાની આગવી નર્તન કલા દ્વારા વિશ્વભરમાં ગૌરવવંતુ સ્થાન મેળવી દંતકથાના પાત્ર જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર રશિયન નર્તકી





આના પાવલોવા

અને ડેન્માર્કમાં એણે પોતાનાં બૅલે રજૂ કર્યા. પારીસમાં એ વિખ્યાત ડિયાધીલેફની બૅાલે-મંડળીમાં જોડાઈ. એક મહિનો ન્યૂ યૉર્કમાં પણ રહી. પણ ડિયાધીલેફ સાથે લંડનમાં હતી ત્યારે એને પોતાના કલા-સ્વાતંત્ર્યની જરૂરત સમજાઈ ગઈ. સમગ્ર નૃત્યરચનાના એક પાત્ર તરીકે તેમાં ભાગ લેવાનું તેને જચતું નહોતું, જ્યારે ડિયાધીલેફને મન બૅલે એ એક 'ટીમવર્ક' હતું. પાવલોવાને તો પોતે જ કેન્દ્રસ્થ રહે ને પોતાની આસપાસ જ સમગ્ર રચના થાય તે સ્થિતિ જોઈતી હતી. ડિયાધીલેફ અને પાવલોવા, બંને પોતપોતાની રીતે મહાન હતા. અને કદાચ એથી એ બંનેને એકબીજાના કહ્યામાં રહીને કામ કરવું ફાવે તેમ નહોતું.

થોડા જ વખત પછી પાવલોવાએ પોતાની સ્વતંત્ર નૃત્યમંડળી ઊભી કરી. ૧૯૧૦માં એણે મિખાઈલ મૉર્ડકિન સાથે લંડનના પૅલેસ થીએટરમાં પોતાનાં બૅલે રજૂ કર્યો. ડિયાધીલેફ સાથે પારીસ અને ન્યૂ યૉર્કમાં પણ એણે બૅલે કર્યાં અને ૧૯૧૨થી એ લંડનમાં સ્થાયી થઈ, હૅમ્પસ્ટેડમાં એણે 'આઈવી હાઉસ' ખરીદ્યું. સ્વપ્નઘર જેવા આ સ્થાને એ હંસોથી વીંટળાએલી રાજકુંવરીની જેમ રહી. આ ઘર લીધું એ પણ સારું જ થયું હતું. કારણ બે જ વર્ષ પછી યુરોપમાં યુદ્ધ ફાટી નીકળ્યું. ત્યારે આ ઘર સિવાય વસવાની એને બીજી કોઈ સગવડ નહોતી. જ્યારે યુદ્ધ આરંભાયુ ત્યારે એ જર્મનીમાં બૅલે રજૂ કરી રહી હતી. પણ ગમેતેમ કરી એ ત્યાંથી નીકળી આઈવી હાઉસમાં પહોંચી ગઈ. અહીં પણ એ પોતાની મંડળી એકઠી કરવા પૂરતું જ રોકાઈ અને પછી અમેરિકા ઊપડી ગઈ.

પાવલોવાની આ પહેલી મંડળી નહોતી. એ જ્યારેજ્યારે વિદેશ જાય ત્યારે તે નવીનવી મંડળી ઊભી કરતી. આરંભમાં તો એ રશિયાના ઈમ્પીરીઅલ થીએટરના કલાકારોનો સાથ લેતી. પરંતુ તેઓ માત્ર ઉનાળા પૂરતાં જ બહાર આવી શકતાં એટલે પછી એણે ઇંગ્લિશ નર્તકોનો સાથ લેવા માંડયો. અમેરિકા જનાર એનાં સાથીદારો ઇંગ્લિશ જ હતાં. અમેરિકાના નૃત્યપ્રવાસમાં એણે ચુસ્ત શાસ્ત્રીય બૅલેનાં પોતાનાં આગવાં નૃત્ય-સર્જનો રજૂ કરેલાં, ને એનાથી એને ઘણી સારી ખ્યાતિ પણ મળી. પાંચ વર્ષ એણે પોતાનાં બાવીસ નર્તકો સાથે ઉત્તર-દક્ષિણ અમેરિકામાં પોતાનાં બૅલે રજૂ કરેલાં.

યુદ્ધ પૂરું થયું. વિદેશના વિસ્તૃત પ્રવાસો પુનઃ શકય બન્યા એટલે હવે તે દુનિયાના પ્રવાસે નીકળી. આવા લાંબા પ્રવાસો તો એણે જીવનભર કર્યા. મનાય છે કે આ રીતે તેણે પાંચ લાખ માઈલના પ્રવાસો કરેલા. યુરોપ-અમેરિકાનાં મોટાં નગરોમાં જ નહિ, પણ આફ્રિકા અને ભારતમાં પણ ફરીને એણે બધે રશિયન બૅલ-નર્તનકલાનો પરિચય કરાવ્યો હતો. આ પ્રવાસો દરમિયાન એણે દેશ-વિદેશની નૃત્યકળાને સમજવાનો પણ એટલો પ્રયાસ કર્યો હતો, અને એમાંનાં કેટલાંક તત્ત્વોને પોતાનાં બૅલે-સર્જનામાં ઉતારવાના પ્રયત્નો પણ કરેલા. આ અગાઉ રશિયામાં પૂર્ણતઃ વિકસેલી, પણ બહારના જગતને અલ્પ-પરિચિત બૅલે નર્તનકળાનો ખરો ખયાલ આના પાવલોવા અને એના સાથીદારોએ કરાવ્યો હતો.

સતત સ્થળાંતરો કરતાં રહેવું, અને કયારેક તો માત્ર એક રાત પૂરતું જ કયાંક રોકાઇને ફરી આગળ જવું એ કંઈ આસાન તો નથી જ. છતાં એ હમેશાં બધે પહોંચી વળતી અને સફળ રહેતી. એનાં બૅલે હમેશાં શુદ્ધ અને પરિપૂર્ણ રહેતાં.

પોતાનાં નવાંનવાં બૅલેની તૈયારીઓ, સતત નૃત્યપ્રવાસો અને તેની વ્યવસ્થાઓ, નૃત્યોમાં નવીનતા ને પરિપૂર્ણતાનો દઢ આગ્રહ વગેરે બધાંમાં એ, એક સમયની દુર્બળ બાળા પૂરી ક્ષમતા ધરાવતી બની ગઈ હતી. જ્યાંજ્યાં એ ફરી ત્યાં બધે જ એણે ખ્યાતિ મેળવી. અને છતાં યે એનું લક્ષ તો હમેશાં વધુ ને વધુ ઊંચું જ રહેતું. પોતાના સ્નેહી-મિત્રોને પણ એ પૂરું મળી શકતી નહિ. આઈવી હાઉસમાં પણ એ લાંબો સમય રહી શકતી નહિ. પણ બાળકો એને પ્રિય હતાં. એની આ લાગણીને કારણે નર્તક બનવાની ક્ષમતાવાળાં બાળકોનાં વડીલો એની પાસે આવતાં જ રહેતાં. પોતાના કાર્યક્રમો, વિખ્યાત બૅલે નર્તકી હોવાને કારણે અનેક સામાજિક રોકાણો અને પ્રવાસોમાંથી યે એ બાળકો પાછળ લક્ષ આપતી. બાળકો માટે પારીસમાં એણે એક બાલ-ગૃહ પણ સ્થાપેલું, અને જીવનભર તેને સહાય કરતી રહેલી. વ્યવ-સાયની બહાર આ પણ એનો એક રસ હતો.

તાલીમ આપવામાં એ અતિશય કડક ગણાતી, એટલું જ નહિ, પોતાનાં વિદ્યાર્થીઓની પ્રત્યેક રીતભાત અને વર્તણૂક ઉપર પણ એની ચાંપતી નજર રહેતી. એ કાળે ઇંગ્લિશ બૅલે જેવું કંઈ હતુ નહિ, એટલે ઇંગ્લિશ નર્તકોને પોતાની કળા રજૂ કરવાનું યે કોઈ સ્થાન નહોતું. કેટલાંક ઇંગ્લિશ નર્તકો તો પોતાનાં નામ પણ પરદેશી રાખીને તખ્તા પર રજૂ થતાં. પણ પાવલોવાને ઇંગ્લિશ નર્તક-નર્તકીઓની ક્ષમતામાં પૂરી શ્રદ્ધા હતી. પોતાની મંડળીમાં એ એમને એમના અસલ નામે જ રજૂ કરતી. આથી તેઓમાં આત્મવિશ્વાસ દઢ થતો. પાવલોવાને પણ પોતાની મંડળીના આ બધાં સભ્યો બદલ ગૌરવ હતું.

એના નૃત્યપ્રવાસોની વિગતો જોતાં સહેજે સમજાય છે કે એ કેટલી સખત મહેનત કરતી હશે, અને સાથોસાથ એની મંડળીને પણ કેટલો શ્રમ પડતો હશે. મહેનત તો આજના બૅલે-નર્તકો પણ એવી જ કરે છે, પરંતુ પાવલોવાના વ્યાપક અને ઝડપી પ્રવાસો ઘણો શ્રમ આપતા

(જાન્યુઆરી ૧૯૮૫) ●





△ 'ઓરીએન્ટલ ઈમ્પ્રેશન્સ'માં કૃષ્ણ અને રાધા તરીકે ઉદયશંકર અને પાવલોવા તથા એ જ બૅલેમાં પાવલોવા અને આલ્ગરેનૉફ △

પાવલેવા જે દેશમાં જાય ત્યાંની લાક્ષણિક કલાનાં સુંદર તત્ત્વોને પણ પોતાનાં બૅલેમાં સંયોજવાનો તેનો પ્રયત્ન રહેતો. એની આ લાક્ષણિકતામાં એની મૌલિક અને આગવી કળા કોળી ઊઠતી. ભારતીય સ્ત્રીઓમાં પણ એને ખૂબ રસ હતો. લલિત અંગછટા રજૂ કરતાં સૌંદર્યપૂર્ણ, મૃદુ, ચપોચપ વસ્ત્રો તેને બહુ ગમતાં. પૂર્વના દેશો વિષે એણે 'ઑરીએન્ટલ ઈમ્પ્રેશન્સ' નામે એક બૅલેની યોજના કરી હતી તેમાં હિન્દુ લગ્ન-સમારંભ પરથી અને કૃષ્ણ-રાધાના દિવ્ય પ્રેમના વિષે બે ભારતીય દૃશ્યો પણ યોજેલાં. આ માટે આગળ જતાં વ્યાપક ખ્યાતિ પામનાર આપણા ઉદયશંકરની સહાયથી ભારતના પ્રાદેશિક વૈવિધ્યભર્યા સંગીતસૂરોની પણ રચના કરાવેલી. અને ભારતીય લાગે તેવી 'સિનરી' પણ તૈયાર કરાવેલી, તથા પોશાકો છેક ભારતથી મંગાવેલા. ઉદયશંકરે પાવલોવા સાથે ઘણો પ્રવાસ કર્યો, પણ પૂરતા વળતર છતાં પાવલોવાના સાથમાં માત્ર બે જ દૃશ્યો પૂરતી ભૂમિકા બાદ કરતાં નવરા રહેવું અને સફરો વેઠવી આ સર્જક કલાકારને ફાવી નહિ. એટલે સ્વતંત્રપણે નૃત્ય કરવા એ એનાથી છૂટા પડ્યા; જેમ પાવલોવા ડિયાઘીલેફથી છૂટી પડી હતી. પણ ઉદયશંકરને નૃત્યકળા તરફ વાળીને અને રુકમિનીદેવીને ભારતીય નૃત્યો અંગે જાગૃતિ આણવાનુ સૂચવીને, એ કાળે લુપ્તપ્રાય બની ચૂકેલી ભારતીય નૃત્યકળાને કલાના ધોરણે પુનઃ પ્રતિષ્ઠિત કરાવવાનું એક બહુ મોટું પુણ્યકાર્ય પાવલોવાએ કર્યું છે.

હતા. એક સ્થળે એક જ રાતના કાર્યક્રમ પૂરતું રોકાવું, ત્યાં મળે તે ખાવું, ત્યાંના ભિન્ન હવામાનમાં રહેવું અને અવકાશની પળ પણ ભોગવ્યા વિના કાર્યક્રમ આપી તુરત તેનો સંકેલો કરી આગળ સફર ખેડવી એ બધું ખાસ ક્ષમતા માગી લે તેવું હતું. ક્યારેક રાતવાસા માટે સારું સ્થાન ન મળે તો પોતાની ગાડીમાં પણ તેઓ રહેતાં, એટલું જ નહિ, ઘણી વાર ગાડીના ડબામાં જ રીહર્સલો પણ ચાલતાં. ક્યારેક તો ગાડીમાંથી ઊતરી સીધાં તખ્તા પર જ પહોંચવાનું થતું. એટલે સફરનો થાક ઉતારવાનું તો ઠીક ઉપરથી કાર્યક્રમનો થાક ઉમેરાતો. પણ પોતાના બૅલે-કાર્યક્રમમાં જરાશી ઊણપ પણ પાવલોવા બરદાસ્ત કરી શકતી નહિ. ઘણી વાર સફર પછી તુરત જ અને ક્યારેક તો કાર્યક્રમ પછી યે એ રીહર્સલ કરાવતી.

પરંતુ આ છતાં ય મંડળીના સભ્યો પાવલોવાનો આદર કરતા. ઘણી વાર પોતાની સાથેની છોકરીઓ રડી પડે એટલી એ અકળાતી, પણ બૅલે અંગેના એમનાં સર્વાંગી વિકાસની પાવલોવા ચીવટ રાખતી. ઘનિષ્ઠતા કેળવ્યા વિના પણ એ એમની પૂરતી સંભાળ રાખતી, એનો અભિગમ હમેશાં નેતૃત્વભર્યો રહેતો. શિસ્તની પણ એ એટલી આગ્રહી હતી કે રીહર્સલોમાં પણ એની શિષ્યાઓ જોવા ખાતર બેઠી હોય તો યે શિસ્તથી બેસવું પડતું. કોણ કોની સાથે હળેમળે છે તેના પર પણ એની નજર રહેતી, ને જરૂર પડ્યે એને ટકોરતી રહેતી. પોતાની સાથીદાર નર્તકીઓને એ પૂરતું વળતર આપતી, પરંતુ એમને ફિજુલ ખર્ચ કરતાં રોકતી.

આ સદીની સૌથી મહાન નૃત્યકાર તરીકે દુનિયાભરમાં આના પાવલોવાની ખ્યાતિ છે. એની એ ખ્યાતિનું એક કારણ એ પણ મનાય છે કે એણે પોતાની શક્તિ સામે સરખામણી ઊભી થવા જ દીધી નહોતી. પોતાના તખ્તા ઉપર પોતાની શક્તિ સામે ઝીંક ઝીલવાની એણે ભાગ્યે જ કોઇને તક આપી હતી. એની નૃત્યમંડળીમાં એ પોતે જ સદાય મુખ્ય નર્તકી-નાયિકા રહી હતી. પોતાના પુરુષ સાથીદાર નર્તકોની સામે પોતાની કળા હોડમાં ન મુકાય એની એણે સદા ચીવટ રાખી હતી. અલબત્ત, પોતાના સાથી તરીકે ગમે તેને રાખવાને એ મુખત્યાર હતી, અને મંડળીની એ માલિક હોઈ એવી એન સત્તા હોય એ સમજી શકાય, પણ પોતાને પાછળ પાડી દે તેવું કોઈ જોખમ એ કદી લેતી નહિ. એની મંડળીમાં દરેક બાબતમાં એનું જ વ્યક્તિત્વ પ્રતિબિંબિત થતું. એમાં એનાં જ ધોરણ, રસ, શક્તિ અને એની જ નબળાઈ પણ જોવા મળતી. ડિયાઘીલેફનાં ઐતિહાસિક સર્જનો જેવું (અનુ પૃ. ૨૩)

ઑપરેશન ચિત્ત(ત્ર)ચોર

પૂર્વ કથા

પુષ્કરભાઈ ગોકાણી

મહારાજ અર્જુનસિંહે ઉદયપુરમાં સરોવરની વચ્ચે 'જલદર્શન' નામની એક આલીશાન હોટેલ બનાવી છે. તેના ઉદ્‌ઘાટન-પ્રસંગે દેશ-વિદેશના અનેક મહાનુભાવ મહેમાનોની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં અતિ મૂલ્યવાન અને દુર્લભ ચિત્રોના એક પ્રદર્શન અને ચિત્રોનાં વેચાણનું પણ આયોજન કર્યું છે. આ ચિત્રોની સલામતી માટે શક્ય તે બધી જ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ભવ્ય પ્રસંગની તડામાર તૈયારીઓ દરમિયાન દિલ્હીનો ખ્યાતનામ ચોર શર્વિલક આ પ્રદર્શનમાંથી બે ચિત્રો ઉઠાવી જવાના પોતાના ઇરાદાની જાણ કરતો પત્ર લખે છે. મહારાજને અકસ્માત આ શર્વિલકની ખાસિયતોના જાણકાર મુંબઇના ડીવાય. એસ પી. કાર્તિકની સહાય લેવાની તક મળતાં તેઓ તેને ચિત્રોની સલામતીની જવાબદારી લેવા મનાવે છે. કાર્તિક મહારાજની વિનંતી સ્વીકારી 'જલદર્શન'માં આવે છે...

વહેલી સવારે કાર્તિકે મહારાજને જગાડવા તેમના એ. ડી. સી.ને વિનંતી કરી, પણ તેણે મચક આપી નહિ. કાર્તિકે બિશ્વાસને જગાડ્યો. એક તો એને રાતનો ઉજાગરો હતો, તેમાં કાર્તિકે એની ઊંઘ બગાડી એ એને ગમ્યું તો નહિ જ, પણ જ્યારે કાર્તિકે કારણ દર્શાવ્યું ત્યારે એને પણ મહારાજને જગાડવાની જરૂર સમજાઈ.

'મહારાજ, બેઅદબી બદલ માફી ચાહું છું, પણ આ જુઓ,' કાર્તિકના હાથમાં એક એર-ફ્રેશનર હતું. હોટેલ 'જલદર્શન'ના ખંડોમાં વાતાવરણ સુગંધિત બનાવવા વિધવિધ સુગંધના સંખ્યાબંધ એર ફ્રેશનર મંગાવી રાખ્યાં હતાં. 'હું એર-ફ્રેશનરો પણ તપાસી રહ્યો હતો તેમાંથી આ મળ્યું. આની અંદર સુગંધની નહિ, પણ કોઈ અન્ય રસાયણની વાસ આવે છે. લૅબોરેટરી દ્વારા આની તુરત તપાસ થવી જરૂરી છે. શક્ય છે કે આમાં માણસને બેહોશ કરી શકે તેવું કોઈ રસાયણ ભર્યું હોય. તપાસ ખાતર મેં એની આછીશી વાસ લીધી એથી પળ બે પળ તો મને પણ ચક્કર આવવા લાગેલાં અને હજી યે તેની અસર ગઈ નથી. મોંમાં મોળ આવવા સાથે લાગે છે કે કદાચ મને વૉમિટ પણ થશે.'

'બિશ્વાસ, શ્યામ સાથે આ એર-ફ્રેશનર પણ દિલ્હી મોકલો અને તેની યે તપાસ કરવી લો.' મહારાજે તુરત સૂચના આપી, પછી કાર્તિકની પીઠ થાબડતાં કહ્યું, 'વેલડન માય બૉય! તમે બિશ્વાસ સાથે જાઓ અને મારા ડૉ. ભટનાગર પાસે સારવાર લઈ લો.'

કાર્તિક જે ઝીણવટભરી રીતે તપાસ કરી રહ્યો હતો તે જોઈ મહારાજને ઘણો આનંદ અને સંતોષ થયો.

દરમિયાન અસ્વસ્થ બની ગએલો કાર્તિક ખુરશી પર ફસડાઈ પડતાં તુટક સ્વરે બોલ્યો, 'મહારાજ, માફ કરજો, પણ ડૉકટરને અહીં બોલાવો તો...મારે હજી બધા સ્વીટ ચેક કરવાના છે...મેં ...એક...મેટલ ડિટેક્ટર પણ મંગાવ્યું છે...દરમિયાન...આપ...દરેક મહેમાનને...જો...એમની ...પાસે...કોઇ...પણ...હથિયાર...હોય તો...જણાવી...દેવા...'

પણ આગળ કંઈ બોલી શકે તે પહેલાં તો કાર્તિક લગભગ બેહોશીમાં ઢળી પડ્યો. તેને જે કહેવું હતું એ મહારાજ સમજી ગયા. તુરત ડૉક્ટરને બોલાવવામાં આવ્યા અને એમની સારવારથી થોડી વાર પછી ભાનમાં આવી કાર્તિકે ફરી આંખ ખોલી. બાકીની અસર બ્લૅક કૉફીએ કરી અને થોડા સમય બાદ એ પાછો પોતાના કામે લાગી ગયો.

સવારે દરેક સ્વીટમાં રાખેલા લાઉડસ્પીકર દ્વારા કાર્તિકના સૂચન પ્રમાણે મહેમાનોને વિનતિ કરવામાં આવી કે તેઓ સ્વીટની તપાસ દરમિયાન કાર્તિકને સહકાર આપે. અને કાર્તિકે હોટેલના હાઉસ ડિટેક્ટિવને સાથે રાખી એ કામ ઝડપથી અને એટલી સિફતથી પતાવ્યું કે કોઈ મહેમાનને અગવડ પડવા જેવું લાગ્યું નહિ. આમ, કાર્તિકે પ્રત્યેક સ્વીટનું પાકું નિરીક્ષણ કરી લીધું. પોતાની પાસે હથિયાર હોવાનું જેમણે જણાવ્યું તેમના હથિયાર તથા નામઠામની પણ તેણે નોંધ કરી લીધી.

દરમિયાન સંગ્રામસિંહે પણ મહારાજને જાણ કરી કે મુંબઈ આલોકસાહેબ સાથે એણે 'જલદર્શન'ને માટે કાર્તિકની સેવા ઉછીની લેવા અંગે વાત કરી હતી. એમણે કહેલું કે કાર્તિક રજા પર છે અને એ ક્યાં છે તે તેઓ જાણતા નથી. સંગ્રામસિંહે એમને એ કહ્યું જ નહિ કે કાર્તિક ઉદયપુરમાં છે અને 'જલદર્શન' માટે કામ કરી રહ્યો છે. એને ભય હતો કે કદાચ આલોકસાહેબ કાર્તિકને પાછો બોલાવી લેશે.

રાત્રે પ્રદર્શન લગભગ ગોઠવાઈ ગયું હતું. આમાંથી ચિત્રો ખરીદવાની જેમને માટે ઉમેદ હતી તેવા પાંચેક ખાસ મહેમાનોને ઉદ્‌ઘાટન પૂર્વે પ્રદર્શન જોવાની છૂટ અપાઈ હતી. કાર્તિકે મહારાજને વાત કરી, 'બારેક મહેમાનોએ પોતાની પાસે હથિયાર હોવાનું કબૂલ્યું હતું. ત્રણેક જણે ના પાડી છે, પરંતુ મને ખાતરી છે કે તેમની પાસે હથિયારો છે. એ ત્રણ જણ તે, સિંગાપોરની શાંગ્રિલા હોટેલના માલિક ડૅવિડ, મોન્તે કાર્લોની પ્રિન્સેસ ફ્લૉરા – પૂરું નામ ફ્લૉરેન્ટાઈન અને રૂ સાંચ લાઝારેના ફ્રેન્ચ ધનપતિ ઝાં પિનોદ. અત્યારે આ ત્રણેયને પ્રદર્શન જોવાની પરવાનગી આપવામાં આવી છે.'

'પણ એ ત્રણેએ અહીંની બૅંકમાં મોટું હૂંડિયામણ જમા કરાવેલું છે, એટલે એ ત્રણેય અહીંથી ચિત્રો ખરીદવા ધારે છે તેમ લાગે છે. વળી, આ ચિત્રોના વેચાણ ઉપર આપણને વિદેશી હૂંડિયામણમાં યે પાંચ ટકા કમિશન મળશે.' મહારાજાની આંખોમાં આ કમિશનનું આકર્ષણ તરવરતું હતું.

'મહારાજ સાહેબ, મારી ફરજ આપને જાણ કરવાની છે. હું તો શર્વિલકને શોધું છું. પણ એના સિવાય બીજું કોઈ ચિત્ર ચોરી જાય તો તેની જવાબદારી મારી નથી.' કાર્તિકે કહ્યું, 'અને આપે પાંચ લૅાચ રાખી છે તેમાંથી એક મને સોંપવા વિનતિ છે. કારણ કોઇનોય હું વિશ્વાસ કરતો નથી. વળી, જરૂર પડયે કદાચ કોઈ પેઇન્ટિંગને મારે બહાર લઈ જવું પડે તો તે માટેની પરવાનગી પણ આપશો. હા, સંગ્રામસિંહ મારી સાથે રહે તો ઠીક પડશે.'

કાર્તિકે કહ્યું તે મુજબની વ્યવસ્થા કરી આપવાનું સૂચવીને મહારાજે બિશ્વાસને કહ્યું, 'મારી વિનતિને માન આપી મિ. ભંડારી અને તેમની સાથે ત્રણ જણ આવ્યા છે. એ લોકોની ઓળખ આપવાની તેમણે ના પાડી છે. મે એમને પાસ આપી દીધા છે. તે દરેક એકબીજાથી અલગ રહી પોતાનું કામ કરશે. આપણે ત્યાંનાં બે બુકિંગ ગઈ કાલે રદ થયાં છે, એ જ સ્વીટમાં અને એ મહેમાનોનાં નામે જ તેઓ રહેશે.'

એટલામાં તો ઉદ્‌ઘાટન પૂર્વે ચિત્રો પર નજર નાખી લેવા બોલાવવામાં આવેલા પત્રકારોનું જૂથ આવતું દેખાયું. એમને જોઈ તુરત કાર્તિકે મહારાજની નજીક સરકી ધીમા અવાજે કહ્યું 'મહારાજ, પબ્લિ-

સિટીથી મને દૂર જ રાખજો ! અને એ ત્યાંથી બહાર સરકી ગયો.

'જલદર્શન' અંગે વિગતવાર માહિતી પૂરી પાડતી પત્રિકા તથા પ્રદર્શનમાં રજૂ થએલા ચિત્રોના રંગીન ફોટો અને જે તે ચિત્ર તથા તેના કલાકાર અંગેની વિગતો જણાવતી પત્રિકાઓ તો પત્રકારોને અપાઈ હતી, પણ સ્વાભાવિક રીતે તેઓ ડૉ. ચન્દ્રને પણ ત્યાં હાજર જોઈ તેમની તરફ વળ્યા. પોતે અત્યારે બહુ કામમાં હોવાથી અને થાકેલા પણ હોવાથી ડૉ. ચન્દ્રે પત્રકારોને ટાળવા કોશિશ તો કરી, પણ એ લોકો એમને છોડે તેમ ક્યાં હતા? દરમિયાન પત્રકારોના ધાડા સાથે હોટેલમાં ઊતરેલા બીજા કેટલાક મહેમાનો પણ પ્રદર્શન ખંડમાં ઘૂસી આવ્યા હતા જે મહારાજને ગમ્યું નહિ. એમણે એ પણ જોયું કે કાર્તિકે કહેલાં પેલાં ત્રણ પરદેશી મહેમાનો પાસે પરવાનગી હોઈ પ્રદર્શનનાં ચિત્રો જોવા આવ્યાં હતાં, પરંતુ તેઓ જાણે પત્રકારોથી દૂર જ રહેવા ઈચ્છતાં હોય તેમ બધાથી અલગ રહેતાં હતાં. મહારાજે પોતાના એ.ડી.સી.ને ઇશારતથી એમના ઉપર નજર રાખવા સૂચના કરી.

'ડૉ. ચન્દ્ર, અલબત્ત આપ ઘણા વ્યસ્ત હશો અને થાક્યા પણ હશો, પરંતુ અમારે આપની પાસેથી આ ચિત્રો વિષે વધુ જાણવું છે.' પત્રકારોમાંના એકે કહ્યું અને ડૉ. ચન્દ્ર કંઈ આનાકાની કરે કે દૂર સરકે એ પહેલાં તો એ બધા એમને ઘેરી વળ્યા. ફટાફટ એમના કૅમેરાની ફ્લૅશના ઝબકારા ચાલુ થઈ ગયા.

'આ બધાં પેઇન્ટિંગ્સની કિંમત લગભગ કેટલી ગણાય?' એક પત્રકારે પૂછ્યું.

'એ તમે આ ચિત્રોનો વીમો ઉતારનાર મિ. પીટર જૉન્સને જ પૂછી લો.' ડૉ. ચન્દ્રએ જવાબ આપ્યો.

'એ કદાચ નહિ જણાવે. આપ જ કહો. ચોક્કસ કિંમત નહિ કહો તો ચાલશે. પણ અંદાજે તો કહી શકો.'

'આંતરરાષ્ટ્રીય બજારોમાં હાલ આની શી કિંમત બોલાય છે તેની મને પૂરી માહિતી નથી, છતાં આશરે એકાદ કરોડ પાઉન્ડ જેટલી તો કહી શકાય.' ડૉ. ચન્દ્રએ કહ્યું, 'આમાંનાં બાવીસ ચિત્રો તો માત્ર પ્રદર્શન માટે જ આવ્યાં છે, જ્યારે સડસઠ ચિત્રો વેચાણ માટે છે. ચિત્રોનો પરિચય અને અન્ય વિગતો તમને આપેલી પત્રિકાઓમાં છે જ.'

'આ રાધાનું ચિત્ર તો 'બનીઠની' નામની નર્તિકાના મૉડેલ ઉપરથી તેના પ્રેમી નિહાલચંદે કરેલું છે એ ખરું છે?' એક વિદેશી પત્રકારે પૂછ્યું.

'હોઈ શકે.'

'રાધાનાં અહીં બે ચિત્રો રજૂ કર્યા છે, તો એમાંથી અસલ કયું છે?'

પણ ડૉ. ચંદ્રએ તે પ્રશ્નનો જવાબ આપ્યો નહિ. કેટલાકને લાગ્યું કે એ કંઈક ગૂંચવાતા હતા.

'પ્લીઝ સર, આપનો અભિપ્રાય કહો...'

થોડી વાર મૌન રહી અંતે ડૉ. ચન્દ્રએ કહ્યું, 'બંને વચ્ચે કોઈ સ્પષ્ટ તફાવત જણાતો નથી. છતાં મને લાગે છે કે આ બંનેમાંથી એકેય અસલ નથી.'

'બની શકે જ નહિ.' ડૉ. ચન્દ્રનો અભિપ્રાય સાંભળી ત્યાં હાજર રહેલો પ્લાંશેત બોલી ઊઠ્યો, મિ. રેહ્મને મોટા નિષ્ણાતો પાસે પૂરી ચકાસણી કરાવ્યા પછી જ તે ખરીદ્યાં છે. એ ભૂલ કરે જ નહિ.'

'મિ. પ્લાંશેત!' ડૉ. ચન્દ્રની આંખોમાં હવે ચમક હતી, 'આ માત્ર અભિપ્રાય નથી, હું ખાતરીપૂર્વક કહું છું કે રાધાનાં અહીં રજૂ થયેલાં બંને ચિત્રો બનાવટી છે.'

'શું!?' ડૉ. ચન્દ્રનો અભિપ્રાય સાંભળી કાર્તિક બોલી ઊઠ્યો, પછી તુરત મહારાજ તરફ વળી કહ્યું, 'આપે મિ. ભંડારીને આ જણાવવું જોઇએ.'

આ તરફ પત્રકારો તુરત ટેલિફોન તરફ દોડ્યા. બહારની દરેક જેટલી ટેલીફોન-લાઈન ધરાવતી આ હોટેલના ચારેક ટેલીફોન તેમણે સર કરી લીધા. હવામાનને કારણે બંધ પડેલી લાઇનો ત્યાર સુધીમાં ચાલુ થઈ ગઈ હતી.

શ્યામ દિલ્હીથી પાછો આવી ગયો. 'જલદર્શન'ના ઉદ્ઘાટનની તૈયારીઓ લગભગ પૂરી થઈ ગઈ. ચિત્રોનું જો સારું વેચાણ થાય –અને એમ થવાની પૂરી શક્યતા હતી–તો તેમાંથી મળવાના સારા એવા કમિશનની કલ્પનામાં મહારાજ અર્જુનસિંહ રાચી રહ્યા હતા. સલામતી અંગે પણ ઘણી સારી વ્યવસ્થા થઈ ગઈ હતી, અને છતાંય જો શર્વિલકે આપેલી ધમકી પ્રમાણે એ ચિત્રો ઉઠાવી જાય તો 'જલદર્શન'ના નામ ઉપર કાળી ટીલી લાગવાની ભીતિ ઊંડેઊંડે યે એમના મનમાં રહ્યા કરતી હતી. જો કે કવચિત્ આવી કુખ્યાતિ પણ ખ્યાતિ રૂપ બની જઈ પ્રવાસીઓમાં એક જુદા જ પ્રકારનું કુતૂહલ પ્રકટાવીને તેમને અહીં આવવા આકર્ષે એવું યે બની શકે. પણ એ તો એક આશ્વાસન હતું. બાકી જો બધો કાર્યક્રમ બરાબર પાર પડી જાય તો 'જલદર્શન' દુનિયાભરમાં નામના પામે. ઉદ્ઘાટનનો આ કાર્યક્રમ દૂરદર્શન – ટી.વી. ઉપર લાઈવ પ્રોગ્રામ રૂપે રજૂ થાય તેવી પણ મહારાજે વગ વાપરીને વ્યવસ્થા કરી હતી. વળી, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં ચિત્રોનું પ્રદર્શન અને તેમાંનાં ઘણાંનું વેચાણ થવાનું હોઈ આ સમગ્ર પ્રસંગ વિદેશોમાં પણ કુતૂહલ જગાડનારો હતો, અને એથી 'ઍપલ-૩'ની સહાયથી ટી.વી.નો આ કાર્યક્રમ દેશ-વિદેશમાં વ્યાપક પ્રસિદ્ધિ પામવાનો હતો. વિદેશમાં મિ. રેહ્મન પણ આ કાર્યક્રમ નિહાળે એ સ્વાભાવિક હતું, અને આ તકનો લાભ લઈ એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે બરાબર ઉદ્ઘાટન-સમારંભ વખતે જ એ ત્યાંથી ફોન કરીને ભારતને જે ચિત્ર ભેટ આપવા ધાર્યું હતું તેની જાહેરાત કરે. આમ, બધી જ ગોઠવણ આલા દરજ્જાની થઈ હોવાથી મહારાજા એકંદરે અત્યંત ખુશ હતા. અત્યારે એમણે પોતાના સ્વીટમાં આ સમારંભ અંગેના જવાબદાર સૌને એકઠા કર્યા હતા. બધા મુખ્ય માણસો આવી જતાં મહારાજે કહ્યું:

'મિ. શ્યામ દિલ્હીથી આવી ગયા છે. તેમને સોંપેલાં કામ એમણે પાર પાડ્યાં છે. એમાંનું એક કામ દિલ્હીની સેન્ટ્રલ જેલમાં શર્વિલકની તપાસ કરવાનું પણ હતું. જો કે એ શર્વિલકને ખુદને મળી શક્યા નથી, પરંતુ ત્યાંના પોલીસ કમિશનરે એમને ખાતરી આપી છે કે શર્વિલક ત્યાંની કેદમાં જ છે. મિ. કાર્તિકના સૂચનથી રાસાયણિક તપાસ માટે મોકલાએલા એરફ્રેશનરનો અહેવાલ આવતી કાલે આપણને મળી જશે. ઉદ્ઘાટન પ્રસંગને માટે ખાસ બનાવરાવેલી કેક પણ લંડનથી આવી ગઈ છે. શર્વિલક અંગે તો આપણે નિશ્ચિંત થઈ શકીએ, પરંતુ 'જલદર્શન'માં આવીને રહેલા મહેમાનોમાંથી પણ કોઈ એકાદ-બે મૂલ્યવાન ચિત્રો ઉઠાવવાની કોશિશ કરે એવી શક્યતા આપણે નકારી ન શકીએ, એટલે આ અંગે આપણે શક્ય બધી જ વ્યવસ્થા કરી હોવા છતાં આપણે સૌએ ચેતતા રહેવું પડશે. બીજું, પ્રદર્શનમાં રજૂ થતાં 'રાધા'નાં બંને ચિત્રો નકલી હોવાનો ડૉ. ચંદ્રનો અભિપ્રાય છે. આ અંગે મિ. પ્લાંશેતે ઝુરીખમાં મિ. રેહ્મનને કૉલ જોડ્યો છે. ભારત સરકારની ખાસ શાખાના કાબેલ ઇન્સ્પેક્ટર મિ. રોહતગી પણ કાલે સવારે અહીં આવી પહોંચશે.'

રોહતગીનું નામ સાંભળતાં કાર્તિકની આંખમાં ચમક આવી ગઈ.

'સર, આવનાર અને આવી ગએલા મોટા ભાગના મહેમાનો અંગે તો અમે ઇન્ટરપોલ દ્વારા માહિતી મેળવેલી છે,' વીમા કંપનીનો પીટર બોલ્યો, 'પણ એક પછી એક નવી વ્યક્તિઓનો આપ તેમાં વધારો કરી રહ્યા છો, હજી બીજા પણ આવે છે. એમાંના કોઈ અંગે હું શંકા નથી

ચરિત્રનિબંધ

ઑપરેટર

— ભગીરથ બ્રહ્મભટ્ટ —

આમારા ગામમાં 'ઑપરેટર' શબ્દનો ચોક્કસ અર્થ છે. 'ઑપરેટર' આમ તો જાતિવાચક સંજ્ઞા છે, પણ અમારા ગામ પૂરતી તે વ્યક્તિવાચક કહી શકાય. અમારા ગામમાં આવી તમે 'ઑપરેટર' શબ્દ બોલો તો એના અર્થવલયોમાં ક્રુડઑઈલના છાંટાવાળું ખમીસ, મૂળરંગ ગુમાવી બેઠેલું જૂની પદ્ધતિનું પાટલૂન પહેરેલો એક વાંઢો યુવાન ખડો થાય.

તેનું નામ અંબાલાલ. આથક સ્થિતિ નબળી એટલે આજ સુધી વાંકડો તૈયાર કરી શક્યો નથી, અને પરિણામે જ્ઞાતિએ તેને કન્યા આપી નથી. હમણાં જ તેની બહેનને પરણાવવા તે દેવાદાર બન્યો છે. પણ એના મુખ પર કરજનો રંજ નથી. પરણેલા પુરુષો કરતાં એનામાં કશુંય ખૂટતું હોય એમ તમે અનુભવો નહિ. તેની મા આખા ગામનું છાણુ એકઠું કરે, ને પોતે ગામનું વૉટરવર્કસ ચલાવે. વૉટરવર્કસ પર 'પરમશક્તિ' નામનું ક્રુડઑઈલથી ચાલતું મશીન છે. વારેવારે એ મશીન માંદુ પડે, ત્યરે એનો સાચો વૈદ્ય અંબાલાલ જ ગણાય. પરમશક્તિની રગેરગને તે જાણે છે. પરિણામે આજુબાજુનાં ગામડાંઓમાં એની મહેક એને 'પરમશક્તિ'ના ઉપાસક તરીકે ઓળખાવે છે. 'પરમશક્તિ'ના ઉત્પાદકો સુધી જ્યારે અંબાલાલની આવડતની વાત પહોંચી ત્યારે તેમણે જરૂર પડ્યે મદદ કરવાનું કહેલું પણ ગુલામી સ્વીકારવાની તો સ્પષ્ટ ના કહી દીધેલી, ને ત્યારથી અંબાલાલ 'ઑપરેટર' કહેવાયો.

મશીનનો આ જાદુગર રસોઇનો પણ જાણકાર છે. ઘણી વાર મિત્રો મળ્યા હોય ત્યારે સ્વાદિષ્ટ રસોઈ બનાવવા એને આમંત્રે છે. લગ્નપ્રસંગોમાં બેસ્વાદ બની ગયેલી વાનગીઓને શક્ય હોય તે રીતે એ સુધારી આપે છે. 'પરમશક્તિ'માંથી દરેક પ્રકારનાં યંત્રોમાં એ રસ લેતો થયો – ઍન્જિનોનો કલાકાર કહેવાયો. ખેતરમાં પાક સુકાતો હોય, ધરતી તરસી થઈ હોય, ઑઈલ-ઍન્જિન માંદું પડ્યું હોય ત્યારે ઑપરેટર જીવતો ભગવાન થઈ ખેડૂતોના સદ્ભાગ્યને ઘડે છે.

ગામના સર્વેનો તેના પ્રતિ સદ્ભાવ છે. તેનું કોઈ હોય કે ન હોય, તે સૌનો છે. કેટલાક એને 'વાંઢો' કહીને ચીડવે યે છે, પણ ત્યારે 'છોરો કેદાડાનું પૈણુ પૈણુ કરતો'તો' એવી હલકથી ગાય કે લોકોને મઝા પડે.

એના ખમીસ પર 'પરમશક્તિ'ની છાપ ચોડી હોય તો કેવું? એક અચ્છા મિકેનિકની અદાથી તે રસપૂર્વક ગામનાં બગડી ગયેલાં યંત્રોને પુનઃ કામ કરતાં કરી આપે છે. એક અભણ ઍન્જિનિયરની કુશળતા પર ગામ આખું લ્હેર કરે છે.

આ જાણતલ મિકેનિકને એક વાર મિત્રો એકઠા મળી બાજુના શહેરમાં એક ચલચિત્ર જોવા લઈ ગયા. ત્રીસ વર્ષ પહેલાંની વાત. મઝા આવેલી ઑપરેટરને, પણ બન્યું એવું કે અર્ધું ચિત્ર બતાવ્યા પછી મશીન બગડ્યું. ફિલ્મ ચાલુ થાય જ નહિ. લોકોએ બુમરાણ મચાવી દીધી. મૅનેજરે શહેરના મિકેનિકોને એકઠા કર્યા પણ ભૂલ ન પકડાઈ. ઑપરેટર કુતૂહલવશ ત્યાં ગયો. મશીનરી નિહાળી અને બધાના આશ્ચર્યો વચ્ચે ગજવામાંથી ત્રાંબાનો એક પૈસો કાઢીને મશીનની નીચે ગોઠવી દીધો. કમાલ! ફિલ્મ ચાલુ થઈ ગઈ. સૌએ અભિનંદન આપ્યાં.

મૅનેજરે નોકરી જોઇએ? ઈનામ? ક્યાં રહો છો? ક્યાંથી શીખ્યા? વગેરે પૂછ્યું ત્યારે ઑપરેટરે હળવેથી કહ્યુ 'આ તો નજરનો સવાલ છે.'

યાંત્રિક સાધનોમાં એની નજર સારી પ્હોંચે છે. એટલું જ નહિ, એથીય આગળ વધીન તૂટી ગયેલાં–અટકી પડેલાં હૈયાંન જોડવાનું કપરું કામ પણ એ કરી જાણે છે. એક વાર એક પ્રણયભગ્ન યુવાનને આપઘાતના માર્ગેથી વારતાં કહેલું: 'તારી માને શું થશે!' 'મારા કરતાં તારી પાસે શું ઓછું છે?' આ રીતે તેણે કેટલાયને ગેરમાર્ગે જતાં વાર્યા છે. નથી ચા પીતો, કે નથી પીતો બીડી. નથી કોઇનું બારમું કે સીમંત પણ એ નથી ખાતો. કોઈના લગનમાં જાય ત્યારે વરરાજા કરતાં તેની આસપાસ વધારે ભીડ જામે છે. લોકોને તેની હાજરી-સંગ ગમે છે. સૂફી ભજનોથી માંડી રાજિયા-મરશીઆ તે ગાઈ જાણે છે. ઘણા શ્રદ્ધાળુ માણસો તેની પાસે દોરા-ધાગા પણ કરાવવા આવે છે, અને એ પણ કરી આપે છે. એક વાર એનું રહસ્ય મેં પૂછ્યું તો કહે, 'એ તો લોકોની જેવી આસ્થા ને જેવી સમજ, બાકી આપણે કંઈ ભગવાન નથી. સુધારો આવશે એટલે એમાં ય સુધારો થશે.'

હું જ્યારે મારે ગામ જાઉં છું ત્યારે એ પરમશક્તિના ઉપાસક ઑપરેટરને અચૂક મળું છું. તેને મળું કે ફટ કરતોક પૂછે છે—

'સાહેબ કાંઈ બગડ્યું?'

અને હું બગડી ગયેલાં શહેરો, બગડી ગયેલાં હૃદયો, બગડી ગયેલું રાજકારણ, બગડી ગયેલું અર્થકારણ, બગડી રહેલી સંસ્કૃતિ વગેરે વિશે ઊંડું વિચારીને કહું છું. 'ભૈ બગડવામાં હવે બાકી શું રહ્યુ છે? તારા જેવા પરમશક્તિના ઉપાસકો છે ક્યાં!' □

કરતો, પરંતુ અમારી જવાબદારી ધાર્યા કરતાં વધતી જાય છે એ અમારા માટે મુશ્કેલી ઊભી કરે છે.'

'મિ. જોન્સ', મહારાજ બોલ્યા, 'તમારો કચવાટ હું સમજું છું, પણ સલામતી માટે વધુ ને વધુ ચોકસાઈ માટે અમારે આમ કરવું પડ્યું છે. નવા આવનાર આ બધા અંગેની જાણ અમે તમને પણ કરતા જ રહ્યા છીએ. અને એ બધાને પણ ખાસ પાસ આપવામાં આવ્યા છે જેથી કોણ શાને માટે ઉપસ્થિત છે તેની ચોકસાઈ રહે. આમાં એક પણ અનધિકૃત કે અજાણી વ્યક્તિ નહિ હોય, એટલે એ અંગે તમે નિશ્ચિંત રહેશો.'

એકાએક એ વખતે ટેલિફોનની ઘંટડી વાગી. અર્જુનસિંહે ફોન ઉપાડ્યો. સામેની વ્યક્તિને ઓળખી એમણે કહ્યું, 'ગુડ ઈવનિંગ, મિ. રેહ્નન, અર્જુનસિંહ હીઅર.' પછી કંઈ સાંભળી એમણે પ્લાંશેતને આ જ લાઈન સાથે જોડાએલો બીજો ફોન ઉપાડવા ઇશારત કરી અને કહ્યુ, 'હાં, મિ. રેહ્નન, પ્લાંશેત લાઈન ઉપર છે.' મહારાજ પોતે પણ વાતચીત સાંભળી રહ્યા હતા.

'કોડ?' સામેથી પુછાયું.

'સર, મહારાજ એક્સ્ટેન્શન પર છે.' પ્લાંશેત બોલ્યો.

'એ મિત્ર છે, કશો વાંધો નહિ. તમે કોડ કહો.'

'ક્વાઈ હુ મૉન્ટ બ્લૅંક' પ્લાંશેતે બહુ ધીમેથી કોડ કહ્યો. જો કે એને ચિંતા નહોતી, કારણ રોજેરોજના અલગ કોડ નિશ્ચિત હતા.

'ઈન્ડેક્સ કોડ?' ફરી મિ. રેહ્નને પૂછ્યું. આ કોડ કાયમી હતો.

'થ્રી મસ્કેટીઅર્સ.' પ્લાંશેત એટલુ ધીમેથી બોલ્યો કે અર્જુનસિંહ પણ એ બરાબર સાંભળી શક્યા નહિ.

'હં! હવે બોલો, મને શા માટે ફોન કર્યો? શી ચિંતા છે?'

'સર, અહીં ડૉ. ચંદ્ર કહે છે કે આપે મોકલેલું 'રાધા'નું ચિત્ર નકલી છે.'

'તો ત્યાં કોઇએ કિસનગઢના ચિત્ર સાથે બદલ્યું હશે.'

'ના, એ પણ નકલી છે.

'એ કેવી રીતે બને? કિસનગઢનું ચિત્ર તો નકલી છે જ. આપણા ચિત્ર સાથે કોઇએ બદલ્યું હશે.'

'ના સર, બંને નકલી છે એમ તેઓ કહે છે.'

'પણ મેં નર્દો પાસે પણ એ ચિત્રની પરીક્ષા કરાવી હતી. એણે તો આ ચિત્રને પ્રમાણિત કર્યું હતું.'

'એક મિનિટ થોભો, સર.' પ્લાંશેતે અર્જુનસિંહ સામે જોયું. અર્જુનસિંહે તુરત કહ્યું, 'વિશ્વાસ, નર્દોને બોલાવો, હરી અપ!' નર્દો આવ્યો. પ્લાંશેતે તેને ત્રીજો ફોન ઉપાડવા કહ્યું.

'નર્દો હીઅર.'

'રાધાનાં બંને ચિત્રો તેં જોયાં? તારો શો અભિપ્રાય છે?'

'તે બંને ચિત્રો નકલી છે. મેં આ કોઈને જણાવ્યું નહોતું, કારણ એથી અહીં ભારતમાં રાજકીય ગૂંચ ઊભી થાય એમ સમજીને આપે બનાવટી ચિત્ર જ અહીં મોકલ્યું હશે તેમ હું માનતો હતો. આપ અસલ કૃતિ અહીં મોકલો તો સરકાર એ જપ્ત જ કરી લે.'

'નો, નો. આ ચિત્ર ભારતને મારા તરફથી ભેટ આપવા આવતી-કાલે સમારંભમાં હું ફોન કરવાનો હતો. મિનિસ્ટર શ્રીનિવાસને ટી. વી. પર દુનિયામાં દેખાય તેમ તારે મારા વતી એ ભેટ આપવાનું હતું. આ અંગે બે માસથી સરકાર સાથે વાટાઘાટો પણ થઈ હતી. ભારત આપણને ત્યાં હોટેલો કરવા માટે પરવાનગી આપે એ ખયાલ-થી જ મેં આ ભેટ આપવા ધારેલી. વ્હોટ એ હિમાલયન ટ્રબલ! હવે હું શું કરું? ફાઈન્ડ આઉટ. આવતી કાલે મિનિસ્ટરને હું શું કહીશ? ...આર યુ ઑન ધ લાઈન પ્લાંશેત?...પીટરને આપો.'

પ્લાંશેતે ઈશારો કરતાં પીટરે ફોન ઉપાડ્યો. કૉન્ફરન્સ રૂમમાં બહારની ચાર લાઈનને દરેકને ચારચાર એક્સ્ટેન્શન્સ હતાં. એના દ્વારા ફોન ઉપર જ જાણે મીટિંગ ચાલી રહી હતી. 'યસ, પીટર સ્પીકિંગ!'

'પીટર, રાધાના ચિત્ર માટે મારો દસ લાખ પાઉન્ડનો ક્લેઈમ નોંધી લો.'

'સર, એ ચિત્રની આટલી કિંમત નથી. આઈ મીન, એંસી-હજાર પાઉન્ડમાં આપે તે ખરીદ કરેલું છે. જો કે અમે તે ખોળી કાઢીશું.'

'કાલે તેને હરાજીમાં મૂકજો. કહેજો કે અસલ ચિત્ર ખાતરી સાથે પછીથી ડિલિવર કરવામાં આવશે. અને પછી જોજો તેની કેટલી બીડ આવે છે?' રેહૂન ફોન પર તાડૂક્યો.

'સિક્સ મિનિટ્સ ઓવર સર!' વચ્ચેથી ફોનમાં સંભળાયું.

'એક્સ્ટેન્ડ.' રેહૂને મિજાજથી કૉલ લંબાવવા કહ્યું અને પછી આગળ બોલ્યો, 'મારો ક્લેઈમ નોંધી લો, પીટર. પ્લાંશેત સહી કરી આપશે. તેની પાસે મારી ઑથોરિટી છે.'

'પણ સર, આ બંને ચિત્રો નકલી છે. એ સ્ટંટ પછી સ્વાભાવિક જ અસલ ચિત્રની કિંમત કદાચ વધી યે જાય. આપ કદાચ જાણી જોઈને...'

'તું મારા ઉપર આરોપ મૂકે છે, પીટર? મારી પાસેથી અને મારા મિત્રો પાસેથી તારી કંપનીને કેટલો બિઝનેસ મળે છે એ જાણે છે ને? ત્યાં અર્જુનસિંહ પાસેથી યે મેં જ તમને કામ અપાવ્યું છે ખબર છે ને?

'પણ સર, અહીં આવતાં રસ્તામાં પ્લાંશેતના હાથે તે ગુમાયું હોય તો? કદાચ ત્યાંથી જ...'

'ડૉન્ટ મેઈક મી એ ફૂલ!' દાંત કચકચાવતાં રેહૂને કહ્યું, 'તારી કંપનીએ જ બધાં ચિત્રોની ડિલિવરી લીધેલી છે અને તમે લોકોએ જ તે રવાના કરાવ્યું છે. પ્લેનમાં કાર્ગોનો વીમો પણ તારી જ કંપનીનો છે. હાઉ ડેર યુ...?'

'પણ કાઈરોમાં પ્લેન બદલાયું છે. ત્યાં એક ખૂન પણ થયું...'

'તે કોર્ટમાં કહેજે. નાઉ શટ-અપ!' પછી રેહૂને અર્જુનસિંહને નરમાશથી હેતાળ અવાજે કહ્યું, 'અર્જુન ડિયર, ડૉન્ટ વરી. કાલની ક્ષણ હું સાચવી લઈશ. ઉદ્‌ઘાટન સમયનો ફિક્સ્ડ-ટાઈમ કૉલ મેં બુક કરાવી લીધો છે.' પછી તેણે પ્લાંશેતને બોલાવ્યો.

'યસ સર!' 'ક્લૉઝિંગ કોડ!'

'વિદા'. પ્લાંશેતે ડાયરીમાં જોઈ કહ્યું. કારણ રોજેરોજના કોડ અલગ હતા.

'બી કેરફૂલ. ત્યાંના સ્વીટ ૨૨૪માં કૉન્ટેક્ટ કરજે. ત્યાં મેં વધારાની સલામતી મોકલી છે. ઓ. કે., બાય!...કૉન્ગ્રેચ્યુલેશન, અર્જુન ડિયર!' અને લાઈન બંધ થઈ ગઈ.

મહારાજે પોતાની મીટિંગનું કામ આગળ ચલાવ્યું. થોડી વાર પછી ફરી ટેલિફોનની ઘંટડી રણકી. દિલ્હીથી કૉલ હતો.

'અર્જુનસિંહ સ્પીકિંગ!'

'આદાબ બજાવું છું, મહારાજ! હું શર્વિલક, આવતી કાલના આપના સમારંભમાં આવી રહ્યો છું.' બોલનારે ફોન મૂકી દીધો. પણ દિલ્હીની લાઈન ચાલુ હતી. અર્જુનસિંહે પૂછ્યું 'ઑપરેટર! આ કૉલ ક્યાંથી થયો છે?' 'કૉનોટ પ્લેસ, પબ્લિક કૉલ ઑફિસ.'

'ઑપરેટર, ધીસ ઈઝ અર્જન્ટ,' અર્જુનસિંહનો અવાજ મોટો થઈ ગયો, 'આ કૉલ કરનાર ત્યાંની જેલમાંથી નાસી છૂટેલો મોટો ચોર છે. તેનું નામ શર્વિલક. પ્લીઝ તમે તુરત પોલીસમાં જાણ કરો. પી.સી.ઓ. ઈનચાર્જ પાસે તેનું વર્ણન હશે જ... પ્લીઝ હરી અપ...' પણ લાઈન કપાઈ ગઈ. મહારાજે કાર્તિક તરફ જોયું ને કહ્યું, 'શર્વિલકે કૉલ કર્યો હતો. આવતી કાલે એ અહીં આવી પહોંચશે.'

'વ્હોટ!' કાર્તિક આશ્ચર્યથી બોલી ઊઠ્યો. શર્વિલકના નાસા વિષે 'જલદર્શન'ના મુખ્ય માણસો જાણી ગયા હતા. કાર્તિકની સૂચનાથી મહારાજે પીટર જોન્સને પણ એ કહ્યું હતું. અને જોખમ વધી ગયું હોઈ તેણે પોતાની કંપની વતી વીમામાં અર્ધો ટકો ચાર્જ વધુ થશે તેની લેખિત જાણ પણ મહારાજને આપી દીધી હતી. અને મહારાજે એ સ્વીકાર્યા સિવાય છૂટકો પણ નહોતો.

'મહારાજ,' કાર્તિકે કહ્યું, મારે દિલ્હીમાં 'મહારાષ્ટ્ર હાઉસ'માં ફોન કરવો પડશે. ત્યાં અમે હમણાં થોડા દિવસથી અમારો એક માણસ ગોઠવ્યો છે. તે મિ. રોહતગીને મળી શર્વિલકને પકડવામાં મદદ કરે તે માટે મારે સૂચના આપવી છે. જો કે દિલ્હીમાંથી બહાર જતા બધા માર્ગો પર ત્યાંની પોલીસે બ્લૉકિંગ તો ગોઠવ્યું હશે જ. પણ શર્વિલકની કેટલીક ખાસિયતો હું જાણું છું. તેથી...'

દરમિયાન બિશ્વાસે દિલ્હીનો લાઈટનિંગ કૉલ બુક કરાવ્યો, ને લાઈન પણ તુરત મળી ગઈ. એણે કાર્તિકને ફોન આપતાં કહ્યું, 'મહારાષ્ટ્ર હાઉસ, મૅનેજર મિ. જોષી વાત કરે છે.'

કાર્તિકે ફોન લેતાં જ પૂછ્યું, 'હલો, કોણ શરદ! કાર્તિક હીઅર, ડીવાય. એસ. પી. કોલાબા, જરા બનવારીલા પાઠવ...'

દરમિયાન મહારાજે પૂછ્યું. 'શ્યામ, તને ખાતરી છે કે શર્વિલક જેલમાં જ હતો. પોલીસ કમિશનરે તને કેવી રીતે કહ્યું?'

'સર, મારી હાજરીમાં જ એમણે સેન્ટ્રલ જેલમાં ફોન કરીને ખાતરી કરી હતી. દિલ્હીમાં આ પોલીસ કમિશનરની જબરી આબરૂ છે.'

'ઠીક, ઠીક.' મહારાજે તેની વાતને કાપી નાખી કાર્તિકની વાત સાંભળવામાં ધ્યાન પરોવ્યું.

'બનવારી! ત્યાં 'રૉ'ની ઈન્ટરનેશનલ વિંગમાં મિ. રોહતગી છે. તેને મળ. શર્વિલકને તો તું જાણે છે. એ ત્યાંની જેલમાંથી નાઠો છે. કાલે અહીં ઉદયપુર આવવાનો છે. રોહતગી એને જાણે છે. 'ઑપરેશન ચિત્તચોર'નો કોડ આપી તારું આઈડેન્ટિટી કાર્ડ તેમને બતાવજે. શર્વિલકને અહીં આવતો રોકવામાં તું એમની સાથે જ રહેજે. રોહતગી કાલે સવારે અહીં આવવાના છે, તેમાં થોડું મોડું થાય તો વાંધો નહિ. મારું નામ આપજે...' અને પછી ભારપૂર્વક ઉમેર્યું, 'જો બનવારી આ કામ થવું જ જોઈએ. કોઈ પ્રયત્ન બાકી ન રાખશો. ને હવે શરદને આપ.'

શરદ ફોન ઉપર આવતાં, 'શરદ, પ્લીઝ જરા બનવારીને હમણાં કામ પરથી છૂટો કરજે, મેં તેને ખાસ કામ સોંપ્યું છે.' અને પછી નિરાંતનો શ્વાસ લેતાં કાર્તિકે ફોન મૂકી દીધો. (ચાલુ)

હિમાલયનાં સંસ્મરણો-૩

મિરતોલા આશ્રમ

લેખક અને ફોટોગ્રાફર • નવનીત પારેખ

સન ૧૯૪૭ના ઉનાળામાં નૈનીતાલમાં હતાં ત્યારે જ અમે આલમોરા જવા વિચાર કર્યો. મારા પિતાજી (શ્રી બંસીધરભાઈ)ના બીજા એક નિકટના મિત્ર શ્રી દિલીપકુમાર રૉય હતા. તે વખતે તેઓ પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમમાં શ્રીઅરવિંદના શિષ્ય તથા અંતેવાસી હતા. વર્ષોથી દિલીપકુમાર મારા પિતાજીને ખૂબ આગ્રહપૂર્વક કહેતા, 'બંસીધરભાઈ, તમે જ્યારે પણ નૈનીતાલ જાઓ ત્યારે આલમોરા તો જજો જ. અને ત્યાંથી પગપાળા પંદર-સત્તર માઈલ દૂર મિરતોલા આશ્રમ જઈને સ્વામી શ્રીકૃષ્ણપ્રેમને પણ જરૂર મળજો. કૃષ્ણપ્રેમજી એક ઊંચી કોટીના મહાત્મા છે અને શ્રીકૃષ્ણના પરમ ભક્ત છે.'

પિતાજીને મિરતોલા જઇને સ્વામી શ્રીકૃષ્ણપ્રેમજીને મળવાની તીવ્ર ઈચ્છા હતી. કુટુંબમાં બીજા કોઈને ત્યાં સુધી જવાની ઈચ્છા નહોતી, તેથી પિતાજી અને હું બે જણ જ આલમોરા જવા નીકળ્યા. અમારી સાથે અમારા સેવાભાવી રસોઈયા ભાઈ ગેબીલાલ તથા 'સ્નૉ-વ્યૂ' બંગલાના રખેવાળ ભાઈ હીરાસિંહને પણ અમે સાથે લીધા. હીરાસિંહ મિરતોલા-આશ્રમની પાસેના જ ગામના હતા એટલે મિરતોલાથી એ પરિચિત હતા.

એક સવારે અમે નૈનીતાલથી બસમાં નીકળ્યા. બસ નૈનીતાલથી વીરભટ્ટી તથા ભવાલી થઇને ગરમપાણી નામના સ્થળે આવી. ગરમપાણી ઘણે નીચાણે આવ્યું હોવાથી ખરેખર ગરમ સ્થળ હતું. અહીં બસ અર્ધો કલાક રોકાઇ. ગરમપાણીમાં સંખ્યાબંધ 'ઢાબા' (નાનાં રેસ્ટોરાં) હતાં. અમે 'હરીશ-રેસ્ટોરાં'માં બેઠા અને ત્યાં પુરી, બટાટાનું શાક તથા રાઈતું જમ્યા. 'ગરમપાણી' ગામનું રાઈતું આ તરફ વખણાય છે.


ગરમપાણીથી બસ ખૈરના થઈને પહાડ ચઢવા લાગી. ત્રણેક વાગ્યે અમે રાણીખેત પહોંચ્યા. ત્યાંથી આગળ મોટર-સડક નીચે કોશી નદી પર આવી અને પછી સામેનો પહાડ ચઢી અમને આલમોરા પહોંચાડયા. સાંજના છ વાગી ગયા હતા પરંતુ ખાસ્સું અજવાળું હતું. હીરાસિંહ અમને એક નાનકડી 'દેવદાર-હોટલ' પર લઈ આવ્યા. અમારો સામાન ગોઠવી દઈને અમે શ્રી બોશી સેનને મળવા ગયા. બોશી સેન વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાત હતા અને નોબેલ-પુરસ્કાર પ્રાપ્ત કરનાર આચાર્ય જગદીશચંદ્ર બોઝના અનુયાયી હતા. દિલીપકુમાર રૉયના તેઓ મિત્ર હતા. તેમનાં પત્ની ગર્ટ્રુડ સેન મૂળ અમેરિકન હતાં. પતિપત્ની બંને શ્રી રામકૃષ્ણ પરમહંસનાં ભક્ત હતાં. પોતાની કૃષિ-અનુસંધાન પ્રયોગશાળાનું નામ રાખ્યું હતું 'વિવેકાનંદ લૅબોરેટરી.'

અમારા દુર્ભાગ્યે સેન-દંપતી ત્યારે વિદેશ ગએલું, પરંતુ તેમના નિવાસ-સ્થાન 'કુંદન-હાઉસ'માં રહેતા શ્રી સુશીલ મહારાજને અમે મળ્યાં, તેમની પાસેથી મિરતોલા આશ્રમ વિષે ખાસ્સી માહિતી તથા માર્ગદર્શન મળ્યાં. કુંદન-હાઉસથી આગળ 'બ્રાઇટન-કાનૅર' પર શ્રી રામકૃષ્ણ આશ્રમ હતો. ત્યાંના મઠાધિપતિ સ્વામી બગુલાનંદજીને મળ્યા. શ્રીરામકૃષ્ણ પરમહંસના ઉપદેશ વિષે ચર્ચા થઈ. આશ્રમમાં પ્રસાદ ગ્રહણ કરીને અમે દેવદાર-હોટલ પાછા ફર્યા. દરમિયાન હિરાસિંહે પિતાજી માટે એક ડાંડી (ડોળી) ભાડે કરી તે ઊંચકવા માટે છ સશક્ત નેપાલી મજૂરો પણ રાખી લીધા હતા. હવે આલમોરાથી મિરતોલા આશ્રમ સુધી સોળ-સત્તર માઈલ અમારે પગપાળા જવાનું હતું. પિતાજીએ મને ખૂબ સમજાવ્યો કે હું પહાડોમાં પગપાળા સત્તર માઈલ નહિ ચાલી શકું અને મારે એક સવારી-ઘોડો ભાડે કરી લેવો. પરંતુ હું જિદ્દી હતો. પૂરું અંતર પગપાળા જ ચાલવા મેં હઠ કરી.


રાત્રે 'દેવદાર-હોટલ'માં સૂતાંસૂતાં મિરતોલા આશ્રમ તથા સ્વામી કૃષ્ણપ્રેમજી વિષે કુતૂહલપૂર્વક કલ્પના-વિહાર કરતાં નિદ્રાધીન થયો. વળતે દિવસે સવારે પાંચ વાગ્યે તો અમે જાગી ગયા. હિમાલયમાં ઉનાળામાં સૂર્યોદય બહુ વહેલો થાય છે. સવારે પાંચ વાગ્યે તો બહાર તડકો હતો. ભાઇ ગેબીલાલ ચા બનાવી લાવ્યા ત્યાં સુધીમાં હીરાસિંહ ડાંડી અને મજૂરો લઈ આવ્યા. સવારે છ વાગ્યે તો અમે આલમોરાથી ઊપડી ગયા.

પગદંડી આલમોરાથી સીધી પૂર્વ દિશાએ જતી હતી. તે દિવસોમાં આલમોરા શહેર તો નહિ પણ મોટું ગામ કહી શકાય તેવું હતું. વસ્તી હશે માત્ર પાંચ-સાત હજાર. આલમોરા એક પહાડની ધાર ઉપર પાઘડીપને વસ્યું છે. તેની લંબાઈ ચારેક માઈલ હશે, પરંતુ પહોળાઈ





△ આલમોરા ગામનું મુખ્ય દેવાલય – નંદાદેવીનું મંદિર અને (જમણી બાજુ) આલમોરાથી ૩૫.૪૨ કિ. મી. (૨૨ માઈલ) દૂર આવેલું જાગેશ્વરનું પ્રાચીન મંદિર – ભારતના બારમાંનું એક જ્યોતિર્લિંગ. △



સ્વામી શ્રી કૃષ્ણપ્રેમજી
ઈ. ૧૯૪૭ના મે મહિનામાં-મિરતોલા આશ્રમમાં

તો માંડ અરધો માઈલ! આલમોરાની ઊંચાઈ ૫૨૦૦ ફીટ. આલમોરા સાથે આ મારો પ્રથમ પરિચય હતો!

આલમોરાથી ચાર માઈલ પૂર્વ દિશામાં ચિતઈ ગામ છે. સવારના આઠ વાગ્યે અમે ત્યાં એક દુકાનમાં ચા પીવા રોકાયા. ગામ પાસે જ 'ગોલુ-દેવતા'નું મંદિર હતું ત્યાં દર્શન કર્યાં. પગદંડી ત્યાંથી એકદમ નીચે ઊતરી પેટશાલ ગામ પહોંચે છે. અહીં નદી પર લોખંડની સાંકળોના આધાર પર એક ઝૂલતો પુલ હતો. ફક્ત ત્રણેક ફીટ પહોળા એ પુલને અમે બેઉ હાથ વડે લોખંડની સાંકળો પકડીને પાર કર્યો. જો કે હિમાલયમાં તો આવા અનેક પુલ હોય છે, પરંતુ મારે માટે આવો પુલ પાર કરવાનો આ પહેલો જ પ્રસંગ હતો.

બીજા ત્રણ માઈલ ચાલ્યા પછી બાડેછીના ગામ આવ્યું. માર્ગમાં અમે વિશ્રામ કરવા રોકાતા જતા હતા, તે દરમિયાન હીરાસિંહ અને ગેબીલાલ તો આગળ નીકળી ગયા હતા. અમે બાડેછીના પહોંચ્યા ત્યારે બપોરના બે વાગી ગએલા. કકડીને ભૂખ પણ લાગી હતી, પરંતુ અહીં પહાડોમાં શું મળે? ત્યાં તો બાડેછીનાના એક ઘરના મેડા પરથી ગેબીલાલે બૂમ પાડી અમને બોલાવ્યા. અમને આશ્ચર્ય થયું કે ગેબીલાલ અહીં કોના ઘરમાં મેડા પર ચઢી ગયા હશે! પરંતુ અમને પહાડી રીત-રસમનો ખ્યાલ નહોતો.

હિમાલયમાં પગરસ્તાઓ પર જે ગામ આવે ત્યાંના ગૃહસ્થી લોકો યાત્રીઓને રાતવાસો કરવા માટે, બે-ચાર રૂપિયા લઇને એક કમરો કાઢી આપતા હોય છે અને તેમને રસોઈ કરવા માટે સીધું-સામાન તેમજ વાસણ-કુસણ પણ આપે છે. બદરી-કેદારની યાત્રાને પગરસ્તે આવી જગ્યાને 'ચટ્ટી' કહે છે. આ સગવડને લીધે યાત્રીને પોતાની સાથે સીધું-સામાન કે વાસણો ઊંચકી જવાં પડતાં નથી.

હીરાસિંહ અને ગેબીલાલે આવા જ એક ઘરમાં સીધું-સામાન ખરીદી લઇને અમારે માટે ખીચડી-શાક બનાવી રાખ્યાં હતાં. પ્રસન્ન થઇને અમે જમ્યા અને થોડો આરામ કર્યો. હજુ અમારે બીજા સાત-આઠ માઈલ ચાલવાનું હતું. પરંતુ હું તો અહીં સુધી ચાલીને સાવ હુસ થઈ ગયો હતો. હીરાસિંહે ચેતવણી આપી કે હવે તો છેક મિરતોલા સુધી સળંગ ચઢાણ છે. પિતાજીની સલાહની અવગણના કરવા માટે હું પસ્તાતો હતો, પણ મારા સદ્ભાગ્યે એક દુકાનદાર શેરસિંહના પાસેથી એક સવારી ઘોડો ભાડે મળી ગયો. અમે આગળ ચાલ્યા. બીજા પાંચ માઈલ ઉપર 'પનુવાનૌલા' ગામ આવ્યું. અહીંથી એક પગવાટ ઉપર મિરતોલા જતી હતી, જ્યારે મુખ્ય પગદંડી પાંચ માઈલ દૂર 'જાગેશ્વર' નામના સુવિખ્યાત તીર્થસ્થાને જતી હતી.

જાગેશ્વરમાં એક હજાર વર્ષ જૂનું પ્રાચીન શિવમંદિર છે. ભારતનાં બાર મુખ્ય જ્યોતિર્લિંગોમાં આ જાગેશ્વરની ગણના પણ થાય છે. એક નાનકડી સરિતાને કાંઠે દેવદારના પ્રગાઢ જંગલ વચ્ચે આ ભવ્ય શિવાલય ઊભું છે. અહીં કેટલાંક વૃક્ષો તો બસો ફીટ જેટલાં ઊંચાં છે! હું હિમાલયમાં ખૂબ ફર્યો છું, રખડ્યો છું, પરંતુ દેવદાર વૃક્ષોનું આવું પ્રગાઢ અને રમણીય વન મેં બીજે ક્યાંય જોયું નથી. અગાઉ તો જાગેશ્વરના મંદિરમાં અને બહાર અનેક સુંદર મૂર્તિઓ તથા ઉત્કૃષ્ટ શિલ્પ-કૃતિઓ હતી; પરંતુ જ્યારથી દેશ અને વિદેશમાં મૂર્તિઓનો વ્યાપાર શરૂ થયો છે ત્યારથી આ જાગેશ્વરના મંદિરમાંથી પણ લોભી દુર્જનો અનેક મૂર્તિઓ ઉઠાવી ગયા છે, ચોરી ગયા છે. જે કાંઈ થોડી શિલ્પ-કૃતિઓ બચી ગઈ છે તે બધી હવે એક ભંડારમાં બંધ રાખવામાં આવી છે. જે કોઈ પર્યટક આલમોરા સુધી આવે તેણે આ જાગેશ્વરના રમ્ય અને મનોહર સ્થળે અવશ્ય આવવું જોઇએ.

પરંતુ આપણે તો પનુવાનૌલા હતા! જાગેશ્વર જતી પગદંડી છોડીને અમે પહાડી પગવાટે ઉપર ચઢવા માંડ્યું. આસપાસની ઝાડીમાંથી દૂર વૃક્ષોની ઘટાથી યે ઊંચું મિરતોલાના મંદિરનું સુરેખ ધવલ શિખર દૃષ્ટિગોચર થયું. ઘોડા ઉપર બેઠાબેઠા જ મેં હાથ જોડીને પ્રણિપાત કર્યા. સાંજે છ વાગ્યે તો અમે મિરતોલા આશ્રમે પહોંચી ગયા.


અમે ડાંડી અને ઘોડા પરથી નીચે ઊતર્યા તેવામાં તો મંદિરમાંથી સ્વામી શ્રીકૃષ્ણપ્રેમજીએ સસ્મિત વદને બહાર આવી અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પૂરા છ ફીટની તેમની ગૌરવર્ણી કાયા દેદીપ્યમાન લાગતી હતી. શ્રીકૃષ્ણપ્રેમજીનું મુખારવિંદ તેજસ્વી હતું અને તેમના મસ્તક આસપાસ કોઈ અલૌકિક પ્રભા-મંડળ(aura)નો પ્રકાશ હતો. આંખોમાં અમી તથા વાણીમાં પ્રેમ અને વાત્સલ્ય હતાં. સફરનો બધો થાક વિસરાઈ ગયો. ઝટપટ બૂટ કાઢીને હું ઘૂંટણીએ પડ્યો અને આ મહા-વિભૂતિને ચરણે નમ્યો. શ્રીકૃષ્ણપ્રેમજીએ મને ઊભો કરી છાતી સરસો ચાંપ્યો. તેમના સ્પર્શથી, આશીર્વાદથી મારા શરીરમાં રોમાંચ વ્યાપી જઈ મારો દેહ પુલકિત થઈ ઊઠ્યો! ગદ્ગદ થઇને મેં 'જય રાધે' કહી એમનું અભિવાદન કર્યું. આ ધન્ય પળ માટે અમે ખેડેલી સફર સફળ થઈ ગઈ અને અમે કૃતાર્થ થયા.

પ્રથમ તો શ્રીકૃષ્ણપ્રેમજી અમને મંદિરમાં લઈ ગયા. પ્રવેશદ્વાર પર લટકતા પિત્તળના મોટા ઘંટનો નાદ કરી અમે અંદર પ્રવેશ્યા. પ્રવેશદ્વારની બંને બાજુએ ગોપીનું એકએક ચિત્ર હતું. પ્રવેશદ્વાર ઉપર ગીતાનો સુવિખ્યાત શ્લોક અંકિત હતો :

'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહમ્ ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।।'

મંદિરના આગળના ભાગમાં અમે ઊભા. એક બાજુની દીવાલના ગોખમાં બર્માથી આણેલી પિત્તળની મનોહર બુદ્ધ-પ્રતિમા હતી. ભૂમિ-સ્પર્શ મુદ્રામાં તથાગત બુદ્ધ ધ્યાનસ્થ બિરાજમાન હતા. સામેની દીવાલના ગોખમાં સિંદૂર-ચર્ચિત હનુમાનજીની સુરેખ મૂર્તિ હતી.

મંદિરના ગર્ભગૃહના મધ્યમાં એક સિંહાસન પર શ્રીરાધા અને શ્રીકૃષ્ણનાં મનોહારી સ્વરૂપ હતાં. શ્યામલ શ્રીકૃષ્ણએ પીળું પીતામ્બર પહેર્યું હતું. મસ્તકે મોર-મુકુટ, હાથમાં સોનાની બાંસુરી, પગમાં નૂપુર અને કંઠમાં વૈજયન્તીમાલા ધારણ કર્યા હતાં. બાજુમાં રાધિકાજી હતાં. બંનેની પાછળ કદંબ-વૃક્ષના આલેખનવાળું પીછવાઈ જેવું ચિત્ર હતું. સિંહાસન-છત્ર ઉપર પિત્તળનું સુદર્શન ચક્ર હતું. સિંહાસનની એક બાજુએ ગણેશજીની આરસમૂર્તિ પ્રતિષ્ઠાપિત હતી, અને બીજી બાજુએ એક પાત્રમાં શાલિગ્રામ બિરાજતા હતા.



મિરતોલા આશ્રમમાં (ડાબી બાજુથી) શ્રી માધવઆશિષ, સ્વામી શ્રીકૃષ્ણપ્રેમજી, સ્વામી આનંદ અને લેખક નવનીત પારેખ.

કૃષ્ણપ્રેમજીએ ગર્ભગૃહમાં જઇને તાંબાનું પાત્ર લાવી તેમાંથી અમારી હથેળીમાં ચરણામૃત મૂક્યું. અમે તેનું પાન કરી રહ્યા હતા ત્યારે કૃષ્ણપ્રેમજી ધીરેથી શ્લોક ગણગણ્યા : 'વિષ્ણુ પાદોદકં પીત્વા પુનર્જન્મ ન વિદ્યતે.' ચરણામૃત લઇને અમે શ્રીરાધા–કૃષ્ણનાં સ્વરૂપ સમક્ષ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

મંદિરની સામે જ બીજા એક નાના મંદિરમાં આરસની એક સમાધિ હતી. કૃષ્ણપ્રેમજીનાં ગુરુ મા–યશોદામાઈની તે સમાધિ હતી. સમાધિ ઉપર આરસની કૃષ્ણ-મૂર્તિ હતી. આ મૂર્તિ ઇટાલીના એક શિલ્પકારે ખાસ મિરતોલાના મંદિર માટે કંડારેલી હતી, પરંતુ મિરતોલા પહોંચતાં સુધીમાં તે જરા ખંડિત થઈ ગઈ. તેથી હવે મુખ્ય મંદિરમાં વૃંદાવનમાં બનાવેલી અષ્ટધાતુની પ્રતિમાઓ પ્રતિષ્ઠાપિત છે.

દર્શન કરીને અમે બહાર મંદિરના પ્રાંગણમાં બાંધેલા 'પાટાલ' એટલે કે સ્લેટ પથ્થરના ઓટલા ઉપર બેઠા. કૃષ્ણપ્રેમજીની સાથે બીજા એક અંગ્રેજ સંન્યાસી પણ આવ્યા. એમનું મૂળ નામ તો હતું ઍલેક્ઝાંડર. બ્રિટિશ સેનામાં તેઓ ડૉક્ટર હતા, પરંતુ સેનામાંથી નિવૃત્તિ લઇને તેઓ મિરતોલા આવ્યા અને સંન્યાસ લઇને નવું નામ રાખ્યું 'હરિદાસ.' મિરતોલા આશ્રમના એક ખૂણે હરિદાસજી એક નાનું દવાખાનું ચલાવતા હતા, જ્યાં ગ્રામજનો નિઃશુલ્ક દવાઓ તથા ડૉક્ટરી સલાહ મેળવતાં.

આશ્રમનું ઔપચારિક નામ છે 'ઉત્તર–વૃંદાવન', પરંતુ લોકો બધાં તેને અસલના મિરતોલા નામે જ ઓળખે. આશ્રમમાં ખેતર તથા ગૌશાળા અને 'કુંજગલી' નામની એક પગદંડી પણ હતી. કૃષ્ણપ્રેમજીનાં ગુરુ યશોદામાઇએ તેમનું લાડનું નામ રાખ્યું હતું 'ગોપાલ'. તેથી આશ્રમમાં બધાં તેમને 'ગોપાલદા' નામે બોલાવતા.

અમારી વાતચીત ચાલતી હતી તેવામાં મંદિરના પાછળના ભાગમાંથી એક યુવાન અંગ્રેજ સંન્યાસી અમારે માટે એક થાળીમાં કાંસાના પ્યાલામાં ચા લઈ આવ્યા. આ યુવાન સંન્યાસી પણ પ્રતિભાશાળી હતા અને તેમની મુખમુદ્રા તેજસ્વી હતી. તેમનું મૂળ નામ હતું મિ. ફિપ્સ; પરંતુ ગોપાલદા પાસેથી સંન્યાસની દીક્ષા લઇને તેમણે 'માધવ–આશિષ' નામ ધારણ કર્યું હતું. આપણે તેમને 'આશિષદા' કહીશું.

સાયંકાળ થયો હતો એટલે આરતી માટે અમે બધા મંદિરમાં ગયા અને આગળના ભાગમાં ઊભા રહ્યા. હરિદાસજીએ કાંસાની થાળી અને લાકડાની મોગરી હાથમાં લઈ ઝાલર વગાડવા માંડી અને આશિષદાએ નગારું. પિતાજી અને હું મંજીરાં લઇને ઊભા.



મિરતોલા આશ્રમના શ્રી રાધાકૃષ્ણ–મંદિરના પ્રાંગણમાં. અનુક્રમે : શ્રી નવનીત પારેખ, ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણ, સ્વામી શ્રી માધવઆશિષ, શ્રીમતી પ્રસન્ના ન. પારેખ તથા શ્રીમતી ઉમા અગ્રવાલ.

ગર્ભગૃહમાં ગોપાલદા એક પાટલા ઉપર બેઠા હતા. સામે પૂજા–વિધિની બધી સામગ્રી હતી. હળવેથી તેમણે આરતીનો આરંભ કર્યો. આચમનીમાં જળ લઇને પ્રથમ ઠાકુરજીની આરતી ઉતારી. પછી વસ્ત્ર લઇને અને ત્યાર બાદ ધૂપ પેટાવીને આરતી ઉતારી. એ પછી ઊભા થઈ દીપ પ્રકટાવીને આરતી ઉતારી અને છેવટે ઠાકુરજીને ચામર ઢાળ્યું.

પાછળથી ગોપાલદાએ મને આ પૂજાવિધિનો મર્મ સમજાવ્યો. હિંદુ પ્રણાલિકા અને માન્યતા અનુસાર સૃષ્ટિમાં જળ, પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મુખ્ય મહાતત્ત્વો આરતીના વિધિમાં જળ તે જલ–તત્ત્વનું, વસ્ત્ર તે પૃથ્વીનું, દીપક તે તેજનું, ધૂપ તે વાયુનું અને ઘંટનાદ તે આકાશનું પ્રતીક છે. તેવી જ રીતે માનવ-દેહની પાંચ જ્ઞાનેન્દ્રિયો : આંખ, કાન, નાક, જીહ્વા અને ત્વચા. દીપક તે આંખનું, ઘંટનાદ તે કાનનું, ધૂપ તે નાકનું, જળ તે જીહ્વાનું અને વસ્ત્ર તે ત્વચાનું પ્રતીક છે. આ રીતે આરતીમાં સૃષ્ટિનાં તમામ તત્ત્વો તેમજ પોતાની પાંચેય ઇંદ્રિયો શ્રીકૃષ્ણને સમર્પિત કરવાની ભાવના છે.

આલમોરાથી આટલે દૂર, હિમાલયના પહાડ ઉપર, ગાઢ જંગલ વચ્ચે. સાયંકાળે આ પવિત્ર ઉત્તર-વૃંદાવનની ભૂમિમાં કૃષ્ણપ્રેમજી જેવા મહાત્માની સંગતિમાં રાધાકૃષ્ણની આરતીમાં સમ્મિલિત થવાનું અહોભાગ્ય મને સાંપડ્યું. ક્ષણભર હું ભાન ભૂલી ગયો. મને

લઘુકથા

મંગળની વીંટી

—પ્રફુલ્લ રાવલ

આંગળીઓમાં મને અનામિકા ખૂબ ગમે છે. મંગળથી મઢેલી તાંબાની વીંટી અનામિકામાં પહેરું છું. એકલો બેઠો હોઉં ત્યારે તે જોતો રહું છું. ક્યારેક જોતાંજોતાં અતીતને સ્મરી લઉં છું.

નવ વર્ષ પહેલાંની વાત છે. સાંજ હતી. કશું જ કામ નહોતું. કેવળ વિહાર હતો સ્વૈરવિહાર. દુકાનોનાં બોર્ડ જોતોજોતો આગળ ધપતો હતો. ત્યાં અચાનક નજર પડી એક નાના પાટિયા પર. જ્યોતિષીનું નામ હતું હરિનામ શાસ્ત્રી. કલ્યાણ ભવન...ત્રીજે માળે. પહોંચ્યો. કુંડળી બતાવી. લગ્ન વિષે પૂછ્યું તો કહે કે મંગળ છે. તાંબાની વીંટી પહેરો–મંગળના નંગથી મઢીને. એમ કર્યું. ઠીક સમય ગયો. એક સાંજે અચાનક ત્યાં જઈ ચડયો. જ્યોતિષી હજુ આવ્યા નહોતા. હું છાપું જોતો બેઠો. થોડી વારમાં ત્રણ છોકરીઓ આવી. અને મારી સામેના બાંકડા પર ગોઠવાઈ. બે નવોઢા લાગતી હતી. એક અવિવાહિતા એકની નજર અવારનવાર મળતી હતી. એમની વાતો અનામિકામાં પહેરેલી મારી વીંટી વિષે જ હતી તે હું સમજી ગયો.

જ્યોતિષી આવ્યા. પ્રથમ એમની સાથે વાતચીત પતાવી. તેઓ ગઈ. પછી મેં મારો એક પ્રશ્ન પૂછ્યો. અને બહાર નીકળ્યો. પગથિયાં ઊતરીને નીચે આવ્યો. સામે સ્મિતસહિત પ્રશ્ન હતો :

'તમને જ્યોતિષમાં શ્રદ્ધા છે?'

'હા...'

'તમારે ય મંગળ છે?'

'હા, તમારી જેમ જ.'

'ચાલો, ફરીથી જઈશું જ્યોતિષી પાસે?'

'......!'

આશ્ચર્ય મારી આંખમાં સ્થિર હતું. આજે એ આશ્ચર્ય જ જીવન છે મારું. □

લાગ્યું કે હું પૃથ્વીથી ઘણે ઊંચે કોઇ વૈકુંઠમાં વિહરી રહ્યો છું. શ્રીકૃષ્ણની આરાધના કરી રહ્યો છું!

આરતી ઉતારીને બહાર આવી ગોપાલદાએ બધા માટે ઊનનાં આસન પાથર્યાં. અંદર જઇને એક હારમોનિયમ લઇ આવ્યા. આશિષદા મૃદંગ લાવ્યા. પ્રથમ તેમણે શુદ્ધ ઉચ્ચાર સાથે ગુરુ-સ્તુતિ ગાઈ.

અખણ્ડ મંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્।
તદ્ પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

અને પછી ભજન-કીર્તનનો આરંભ કર્યો

કીર્તન સમાપ્ત થયું એટલે ઠાકુરજીને સાષ્ટાંગ પ્રણામ કરીને મંદિરના નીચેના ભાગમાં ગયા. અહીં આશ્રમનું રસોડું તથા ભોજન-ખંડ હતો. ગોપાલદા બધા માટે થાળી પીરસી લાવ્યા આશ્રમની બધી જ રસોઇ ગોપાલદા પોતે જ બનાવતા. અહીં બધું કામ આશ્રમ-વાસીઓ જાતે જ કરી લેતા. કોઇ નોકર-ચાકર નહોતા. ભોજન સાદું –દાળભાત-શાકનું જ હતું, પરંતુ તેમાં કોઇ અજબ મીઠાશ લાગી. પ્રેમ અને ભક્તિપૂર્વક બનાવેલા ભોજનમાં વિશિષ્ટ ગુણ અને મીઠાશ હોય જ.

ભોજન લઇને અમે એક ગોળ નિસરણી ચઢી મેડા ઉપર ગોપાલદાના કમરામાં બેઠા. એક બાજુની દીવાલમાં અંગેઠી (fire-place) હતી જેમાં ચૂલા પર એક કીટલીમાં કૉફી માટે પાણી ઊકળતું હતું. બધા ગોઠવાઈ ગયા એટલે પિતાજીએ ગોપાલદાને વિનયપૂર્વક પૂછ્યું : 'ગોપાલદા, તમે ઇંગ્લૅન્ડ છોડીને હિંદુસ્તાન કેવી રીતે આવ્યા અને શ્રીકૃષ્ણના પરમ ભક્ત કેમ બન્યાં?' સ્મિત કરી પાસે પડેલા ડબ્બામાંથી પોતાની હોકલી (પાઇપ) અને તમાકુ કાઢી તેને પેટાવી અને પછી એક ઊંડો કસ લઈને ધુમાડાનો ગોટો કાઢતાં તેમણે સંક્ષિપ્તમાં પોતાની કહાણી કહી:

ગોપાલદા એટલે કે કૃષ્ણપ્રેમજીનું મૂળ નામ નિક્સન. ઇંગ્લૅન્ડના એક કુલીન કુટુંબમાં તેમનો જન્મ. પ્રથમ મહાયુદ્ધ વખતે તેઓ વાયુ-સેનામાં જોડાયા. એક વાર વિમાનમાં ઊડી રહ્યા હતા ત્યારે આકાશમાં તેમને શ્રીકૃષ્ણના સ્વરૂપનું દર્શન થયું. પછી તો તેમણે હિંદુ અને બૌદ્ધ ધર્મનો ઊંડો અભ્યાસ શરૂ કર્યો અને હિંદુસ્તાન આવ્યા.

ભારતમાં તેમણે લખનઉ વિશ્વવિદ્યાલયમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે કામ આરંભ્યું. તે સમયે પ્રખર વિદ્વાન તથા ધર્મનિષ્ઠ ડૉ. ચક્રવર્તી વિશ્વવિદ્યાલયના ઉપ-કુલપતિ હતા. તેમનાં પત્ની શ્રીમતી ચક્રવર્તી પણ ઉચ્ચ કોટીનાં સંત મહિલા હતાં. આ ચક્રવર્તી દંપતીએ યુવાન મિ. નિક્સનને પોતાના પુત્રવત્ ગણી તેમને હિંદુ નામ આપ્યું 'ગોપાલ.'

પછી તો ગોપાલ આ ચક્રવર્તી દંપતી સાથે જ રહેવા લાગ્યા. સંસ્કૃત, પાલી, હિંદી તેમજ બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો; વેદ, ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવતનું પણ ઊંડું અધ્યયન કર્યું. દરમિયાન ડૉક્ટર ચક્રવર્તીનું અવસાન થયું. શ્રીમતી ચક્રવર્તીએ ગોપાલને પોતાની પાસે બોલાવીને કહ્યુ : 'ગોપાલ, આપણે સંસારનો બહુ અનુભવ લઈ લીધો. હવે આપણે હિમાલય જઈને પ્રભુ-ભજન કરીએ.' ગોપાલ સહમત થયા અને આ મા–દીકરો આલમોરા આવ્યાં અહીં એક મકાન ભાડે રાખીને તેઓ એક વર્ષ રહ્યાં. તેમની સાથે ડૉ. ચક્રવર્તીનાં સુપુત્રી મોતીરાણી પણ હતાં. આ ત્રણેએ સંન્યાસ લીધો હતો. શ્રીમતી ચક્રવર્તીએ પોતાનું નામ 'યશોદામાઇ' રાખ્યું અને ગોપાલે 'શ્રીકૃષ્ણપ્રેમ' નામ ધારણ કર્યું.

એક વાર યશોદામાઈ તથા ગોપાલ આલમોરાથી પગપાળા જાગેશ્વર જઇ રહ્યાં હતાં. યશોદામાઈ તો ડાંડીમાં હતાં. જાગેશ્વર પહોંચતાં પહેલાં થોડેક દૂર એક સ્થાને યશોદામાઈએ અદ્ભુત અલૌકિક આંદોલનો અનુભવ્યાં. ડાંડી થોભાવી અને ગોપાલને આદેશ આપ્યો કે તપાસ કરીને તે સ્થાનની જમીન તેઓ ખરીદી લે અને ત્યાં જ આશ્રમ તથા મંદિર સ્થાપે. એ સ્થાન તે આ મિરતોલા. જ્યાં આજનું શ્રીરાધા-કૃષ્ણનું આ મંદિર તથા આશ્રમ ઊભાં છે.

પછી તો ચર્ચા–વાતોમાં રાત્રિના સાડા-અગિયાર થઈ ગયા. આશિષદાએ શંખનાદ કર્યો અને અમે 'જય રાધે' કહીને ઉતારે ગયા.

મિરતોલામાં અમે બીજા બે દિવસ રહ્યા. ગોપાલદા, આશિષદા તથા હરિદાસજી સાથે ખૂબ વાતો થઈ. વિચારોની આપ-લે થઇ, અનેક શંકાઓનું સમાધાન થયું અવર્ણનીય આનંદ અને અઢળક પ્રેમ પામી અંતે ભારે હૈયે અમે મિરતોલાથી પાછા ફર્યા. ફરીથી અહીં આવીને ગોપાલદાને ચરણે બેસી શ્રીકૃષ્ણની આરાધના કરવાનો એક સંકલ્પ મેં ત્યારે મનોમન કરી લીધો હતો.

ગોપાલદા અને હરિદાસજી આશ્રમની હદ સુધી અમને વળાવવા આવ્યા. સજળ નયને અમે તેમને પ્રણિપાત કરી વિદાય લીધી. ગોપાલદાએ અમને છાતીસરસા ચાંપીને આશીર્વાદ આપ્યા. મિરતોલાથી આલમોરા આવીને બસ પકડી અમે નૈનીતાલ પાછા ફર્યા.

એ પછી યે હું અનેક વાર મિરતોલા જઈને ગોપાલદા અને આશિષદાના સાન્નિધ્યમાં રહ્યો છું; પરંતુ મિરતોલાની આ પ્રથમ મુલાકાત મારે માટે સદા ચિરસ્મરણીય બની રહી છે.

નરવો નિજાનંદ

હિમા યાજ્ઞિક

માણસ જો પોતાની આસપાસના વાતાવરણને અનુકૂળ ન થવાની અવળચંડાઈ કરે તો પછી જીવનનો ભાર હળવો શી રીતે થાય? અનુકૂળ માર્ગ શોધીએ તો ખાડા–ટેકરા, ચઢાણ–ઊતરાણ આપોઆપ ઓછાં થઈ જાય. સંઘર્ષોના કાંટાળા રસ્તાને છોડી દઇને સમજણ અને સહકારની નાનકડી પગદંડી પસંદ કરીએ તો આપોઆપ ટૂંકા રસ્તે થઇને આપણી મંઝિલે ઝટપટ પહોંચી જવાય એવો આપણો સૌનો અનુભવ છે જ ને?

આ જુઓને અમારા દાદાજી. મેં તો દીઠા ય નથી, પરંતુ એમની એક જીવનશૈલી મને ગમી ગઈ. દાદાજી એટલે વડવાઇઓથી વીંટળાએલા ઘેઘૂર વડલાનું ધીંગું થડ. એની શીળી છાયામાં સૌ સફરનો થાક ઉતારવા પોરો ખાતાં અને એક પ્રકારની શાંતિ મેળવીને પુન: જીવન-પથ પર આગળ ધપવા મથતાં.

પરંતુ જ્યારે વડવાઇઓ પણ ધીરેધીરે થડનું સ્વરૂપ પામવા લાગે ત્યારે જરાય ક્ષોભ વિના, મોહ વિના થડ જો પોતાના સ્વરૂપને ઓગાળીને મૂળિયાં સાથે ભૂગર્ભમાં સમાઈ જાય તો વડને જીવાડવાના પુણ્યકાર્ય સાથે પોતાના જીવનને સાક્ષીભાવે જીવાડી શકવાનો લહાવો જરૂર લઈ શકે.

ભર્યાભાદર્યા અમારા વિશાળ કુટુંબના મોભ એવા દાદાજી જ્યારે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશવા યોગ્ય વયે પહોંચ્યા ત્યારે તેમણે જાતે જ પોતાના વર્ષોજૂના સ્થાનને છોડી દીધું. ભગવાં પહેરીને સંન્યાસી બનવાથી શું? આપણું અને સર્વનું શ્રેય થાય તેવાં નાનાંનાનાં કાર્યોનું પણ મહત્ત્વ છે એવી એમની માન્યતા હોવાથી સ્વાર્થ અને પરમાર્થનો એમણે સુંદર સમન્વય સાધ્યો. કુટુંબ અર્થે આખી જિંદગી યથાશક્તિ પ્રવૃત્તિ કરનારે હવે અડોશપડોશના સમાજને ઉપયોગી થવાનો – નૈતિક ઋણ ચૂકવવાનો નાનકડો પ્રવૃત્તિયજ્ઞ આદર્યો. અને સ્વાર્થ એ હતો કે વિશાળ કુટુંબનાં ઘણાંબધાં સભ્યો સાથે મતભેદમાં ઊતરવાનો પ્રસંગ પણ ન આવે. ખટરાગની તરડ ક્યારેક અને ક્યાંય પણ પડે નહિ તેની કાળજી રાખવાના પ્રામાણિક ભાવથી આચરેલો આ પ્રયત્ન સ્વાર્થ હોવા છતાં આવકાર્ય હતો.

કાઠિયાવાડી કુટુંબ એટલે દૂધ–છાશનું બંધાણી તો હોય જ. એટલે ઘરમાં દુઝાણું હોય તો જ ઠીક પડે. આથી વાડામાં ચાર-છ ગાયો બાંધેલી. ઘરનાં છોરું જેમ ઊછરતી ધીંગી ગાયોનાં દૂધ આપણે એકલાં જ પી જઇએ એ કંઈ સારું તો ન જ ગણાય. ઘરમાં દહીં–છાશનો તોટો નહિ, પણ તેને વેચવાનો વિચાર માત્ર હલકો કહેવાય એવો એ જમાનો. ઘરનાં સાથે બહારનાંને પણ તેનો લાભ મળે તે, રોજ ‘સહનાવવતુ’નું રટણ કરતા દાદાજીને યોગ્ય લાગતું. ઘરમાં ગૂંજતા શ્લોકો ને જીવનમાં થતાં આચરણ વચ્ચેની ભિન્નતાના એ વિરોધી હતા.

પરિણામે ઘરના વાડામાંની ગાયોમાંથી એક એમણે પોતાને હસ્તક સંભાળી. એ ગાયનું લાલનપાલન તેઓ પોતે જ કરે. ગોવાળ ગાયને દોહીને જાય એટલે પછી એ દૂધને ગરમ કરવું, દહીં જમાવવું વગેરે વગેરે બધી પ્રવૃત્તિ એ પોતે જ કરે. સવાર પડી ન પડી ને દાદાજી તે ગાયના દૂધનું દહીં વલોવી છાશનું માટલું ભરે, અને શેરીના નાકે મોટા માર્ગ પરના એક મકાનને છાંયે જઈને બેસે. આવતાજતા સૌ કોઈ એ છાશનું પ્યાલું પીતા જાય અને અલકમલક બેચાર શબ્દોની આપલેનો આનંદ મૂકતા જાય. દુઝાણાની સગવડ ન હોય એવા કુટુંબનું કોઈ વળી ભેળી દોણી લાવે અને બપોરાની ટાઢક ભરતું જાય. બસ, મઝાનો જીવનક્રમ ગોઠવાઈ ગયો.

પ્રવૃત્તિ, આનંદ અને ભર્યાભર્યા કુટુંબમાં પણ વિરક્ત ભાવ કેળવવાની કળાનો અનોખો પ્રયોગ. નિ:શુલ્ક પ્રવૃત્તિથી યે કેવો નિજાનંદ પામી શકાય છે તે પણ એક અનુભવવા જેવી ચીજ છે.

અને એ જ નિજાનંદ-પ્રવૃત્તિનો વારસો સંભાળ્યો મારી માએ. પૌત્રપૌત્રીઓથી ઘર ગાજતું થયું ત્યારે તેઓએ પણ વાનપ્રસ્થ સ્વીકારી ઘરના એક ખૂણે પોચાપોચા રૂના મુલાયમ ઢગલા વચ્ચે પોતાની બેઠક બનાવી લીધી અને બનાવવા માંડી દીવાની દીવેટો. તરવરિયાં જુવાનિયાંમાં દીવો પ્રકટાવવાની શુભ સંસ્કારી ભાવના હોય ખરી, પણ દીવેટ બનાવવાનો તો એમને ય કંટાળો હોય એવો એમનો મત. એટલે દીવેટો બનાવીને એ સૌને પહોંચતી કરવાનું કામ માએ ઉપાડી લીધું, જેથી અંતર્દીપને પ્રકટતો રાખવાના પ્રતીક સમી દીપમાળ અખંડ અને જીવંત રહે. આથી અનેક ઘરોમાં એ ‘વાટોવાળાં બા’ના વહાલા નામે ઓળખાતાં એ તો ખરું, પરંતુ આંખ અને કાનની શક્તિ ખોઈ બેઠા પછી યે જીવનને વહાલુંવહાલું બનાવી શકવાની કળા ઘરઘરમાં રમતી મૂકવાનું સૌભાગ્ય પણ તેમને અલ્પપ્રયાસે સાંપડ્યું.

બેકારીનો નાદ ગજાવતાં આજનાં યુવાનોને પ્રવૃત્તિની શોધ કરવાની સૂઝ ન હોય તે કેટલી ખેદભરી વાત છે! કોઈ પણ કાર્ય હલકું નથી, જો તેની પાછળની નિષ્ઠા હલકી ન હોય તો, એ વાત સમજવા જેવી છે. સાથેસાથે વૃદ્ધાવસ્થાને વગોવતા સજ્જનોએ પણ આવો રાહ અપનાવવા જેવો છે. સવારથી ઊઠીને નવરા બેસી રહેવું અને બીજાની જીવનપ્રવૃત્તિમાં જીવ રાખીરાખીને કંઈ ને કંઈ ઊણપો શોધ્યા કરવાની કાકદૃષ્ટિ રાખવા કરતાં હળવી પણ હલકી નહિ એવી પ્રવૃત્તિઓ કેટલો આનંદ આપી જશે! ક્યારેય કામ માપવું ન જોઇએ. કારણ કામ મપાય ત્યાંથી કલા જાય, વસ્તુ મપાય ત્યાંથી વૈભવ જાય અને માણસ મપાય ત્યાંથી સ્વર્ગ જાય.

બે પેઢીઓ વચ્ચેના સંઘર્ષને ટાળવા આથી વધુ સરળ અને સચોટ ઉપાય શો હશે? જન્મ ધારણ કરવો, ઘડતર અને વિકાસના સતત પ્રયત્નો સાથે સફળ જીવન જીવી બતાવવું અને શક્તિનો સંચય ખૂટે ત્યારે જ્યાંથી આવ્યા ત્યાં ચૂપચાપ ચાલ્યા જવું એ જીવનનો મહામંત્ર. એ જે શીખે અને જીવી જાણે તેને સંઘર્ષોનાં વમળોમાં અટવાવાનો ભય કદી સતાવતો નથી. □

બ્રિજ અને શતરંજ

—સુરેશ મોદી—

આ વખતે આપણે એક ગ્રાન્ડ સ્લામના કૉલવાળો કોયડો જોઇએ.

S Q J 10
H A J 7 2
D A Q 5
C A 10 3

S 9 8 7
H 10 5 4
D K J 9
C Q 8 6 5



S K
H Q 8 3
D 10 8 7 4 3
C J 9 4 2

S A 6 5 4 3 2
H K 9 6
D 6 2
C K 7

કૉલ : દક્ષિણનો 7 કાળી. ઊતર : પશ્ચિમની S–7

કોયડો : ઉત્તર-દક્ષિણે તેરે તેર હાથ કરીને કૉલ પૂરો કરવાનો.

અહીં ઉત્તર-દક્ષિણના ૧૧ હાથ — ૬ કાળી, ૨ લાલ, ૧ ચોકટ અને ૨ કુલ્લી સ્પષ્ટ છે. ચોકટનો રાજા પશ્ચિમના હાથમાં હોવાની તેમાં ઉત્તરને રાણીનો વધારાનો હાથ મળે તેમ છે, પણ તેરમો હાથ કેમ મેળવવો તે જોવાનું છે.

દક્ષિણ પહેલી ઊતર ઉપર એકાનો હાથ લઇને ચોકટ ઊતરે. પશ્ચિમ નવો અને ઉત્તર રાણી રમે. ઉત્તર હુકમના બે રાઉન્ડ રમે. જેના ઉપર પૂર્વ એક કુલ્લી અને એક ચોકટ ફેંકી શકે.

આ તબક્કો ઉત્તર-દક્ષિણને લાલમાં ત્રીજો હાથ મેળવવા માટે ઉપયોગી પાનું H–Q પૂર્વ પાસે હોઈ તે ભાતના રક્ષણની જવાબદારી પૂર્વ પર છે. પૂર્વ લાલ અને પશ્ચિમ ચોકટથી કુલ્લીનું રક્ષણ કરી ઉત્તર-દક્ષિણનો તેરમો હાથ થતો અટકાવવા પ્રયાસ કરે. પણ હવે ઉત્તર લાલનો ગુલામ રમે છે. આના પર પૂર્વે રાણીનું પાનું રમવું જ રહ્યું. તેના ઉપર દક્ષિણ રાજાથી હાથ મેળવે છે. આ યુક્તિથી હજી ઉત્તર-દક્ષિણને વધુ હાથ મળતો નથી, પણ લાલમાં તેમનો વધુ હાથ થતો અટકાવવાની જવાબદારી H–10 ધરાવતા પશ્ચિમ પર આવે છે. હવે દક્ષિણના ચોથા હુકમ ઉપર પશ્ચિમ કુલ્લી, ઉત્તર લાલ અને પૂર્વ ચોકટ રમતાં તે ત્રણેય ખેલાડીઓ પાસે બે લાલ, બે ચોકટ અને ત્રણ કુલ્લી રહે છે.

પછી જ્યારે દક્ષિણ તેનો પાંચમો હુકમ રમે ત્યારે પશ્ચિમ Squeeze થાય. તે લાલ ફેંકે તો તો દક્ષિણને લાલના નવાનો તેરમો હાથ મળી જાય માટે તે કુલ્લી અથવા ચોકટ જ ફેંકી શકે. બંને વિકલ્પ જોઈએ.


(૧) જો પશ્ચિમ કુલ્લી ફેંકે તો ઉત્તર અને પૂર્વ ચોકટ ફેંકે. હવે દક્ષિણ લાલનો નવો ઊતરે તેના પર પશ્ચિમે દસો રમવો રહ્યો. તેના પર એકાથી હાથ લઇને ઉત્તર ચોકટના એકાનો હાથ કરીને દક્ષિણને કુલ્લીના રાજાનો હાથ આપે છે. હવે તેના છેલ્લા હુકમ પર ઉત્તરમાંથી લાલ ફેંકાય છે, પણ પૂર્વ Squeeze થાય છે. તે કુલ્લી ફેંકે તો ઉત્તરને દસાનો અને લાલ ફેંકે તો છગાનો ૧૩મો હાથ મળે છે.

(૨) જો પશ્ચિમ ચોકટ ફેંકે તો ઉત્તર અને પૂર્વ કુલ્લી ફેંકે. ઉપરની જેમ આ વિકલ્પમાં પણ દક્ષિણ લાલનો નવો રમે અને પશ્ચિમના દસા પર એકાથી ઉત્તર હાથ લે. હવે ઉત્તર કુલ્લીના એકાનો હાથ લઈને દક્ષિણના રાજાનો હાથ આપે. દક્ષિણના છેલ્લા હુકમ પર પૂર્વ ફરી Squeeze થાય. તે ચોકટ ફેંકે તો ઉત્તરના પંજાનો, અને લાલ ફેંકે તો દક્ષિણના છગાનો તેરમો હાથ થાય.

લાલ રંગના રક્ષણની જવાબદારી પૂર્વ પરથી પશ્ચિમ પર નાખી તેની પાસેથી એક બીજા રંગનું પાનું ફેંકાવી તે જવાબદારી ફરી પૂર્વ પર નાખીને એક આકર્ષક અંત લાવવામાં આવે છે. અમેરિકન કોયડાકાર નીલ્સ ટ્રાનના કોયડામાંની આ યુક્તિ સમજવા ને માણવા જેવી છે.

આ વખતે પણ ઊંટ અને ઘોડાના સહકારનું એક વધુ દૃષ્ટાંત આપણે જોઇએ. અહીં દર્શાવેલી સ્થિતિમાં કાળાનો વજીર આક્રમક સ્થિતિમાં છે. તે 1..., N–N5 રમીને 2..., Q × RPથી મ્હાતની ધમકી આપે છે તેમ જ સફેદ વજીર ઉપર બેવડો હુમલો કરે છે. પરંતુ આ ભયંકર ભૂલ છે. તેની સામે સફેદ કેમ જીતે છે તે જોઈએ:

Safronoy



Satikov

કાળાએ રમવાનું

1..., N–N5 ?!

2 Q × Bch ! આ ચાલથી કાળાના આશ્ચર્યનો પાર ન રહ્યો.

2..., K × Q; ફરજિયાત.


3 N B5 dbl.ch., Resigns. કારણ કે 3..., K–Q પછી 4 N × Pથી મ્હાત અનિવાર્ય છે.

જીતવાની ઉતાવળમાં કાળાએ ગંભીર ભૂલ કરી. પણ ઉપરનું કૉમ્બિનેશન તેણે જોયું હોત તો તે 1..., Q × Pch; 2 K × Q, N–N5ch પછી 3..., N × Q કે 3..., B × Qથી પોતાની પરિસ્થિતિ વધુ સારી રીતે સુધારી શકત. □

કલાવાર્તા

હરિશ્ચન્દ્ર ખત્રીની કાગળકટાઈ





પૂરું નામ હરિશ્ચન્દ્ર ચંદ્રકાન્ત ખત્રી. પણ 'હરિશ'નામે તેઓ કાગળકટાઈની ચિત્રકૃતિઓ કોતરે છે. કાગળ-કટાઈની બે મુખ્ય રીત : એક કાગળને ગડી પાડી ઝીણી કાતરથી તેમાં ભાત કોતરીને પછી એ કાગળ ખોલી નાખવો. આ રીતે ભૌમિતિક આકારની અંદર અવનવી સુંદર ભાત કોતરાય જે બધી બાજુએ સરખી આવે. બીજી રીત અહીં આપેલી કૃતિઓ જેવી. જેમાં કાગળ ઉપર કોઈ પણ આકાર આકૃતિ કે ભાત આલેખીને પછી અનુકૂળ ને ધારદાર સાધન વડે તેમાં કોતરણી કરવી. બંને રીતમાં ખાસ લક્ષ આપવાનું એ કે કોઈ પણ ભાત કે આકાર એકબીજા સાથે જોડાઈ રહે કે જેથી એ કપાઈને લબડી ન પડે. આમાં જેટલી નજાકત જાળવી શકાય અને જેટલું અટપટું કામ કરી શકાય, ને તે છતાં કરવા ધારેલા આકાર આકૃતિઓનો સ્પષ્ટ ઉઠાવ મળી રહે, તેટલી કટાઈ કરનારની સિદ્ધિ. ક્યાંક એક જરાશો કાપ ખોટો મુકાઈ ગયો કે આખી કૃતિ રદ કરી નવેસરથી બધું કરવું પડે. અને એટલે જ પ્રથમ નજરે લાગે એ કરતાં આ કામ ઘણું વધુ કૌશલ અને ધૈર્ય માગી લે છે. હરિશની જે કૃતિઓ અહીં આપી છે તેના પરથી તેમના કૌશલ્યનો ખયાલ આવશે.


હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન બે મિત્રોને કાગળકટાઇ કરતા જોઈ એમને પણ આ કામનું આકર્ષણ થયું. અને પછી તો એ એમની એક ધૂન થઈ પડી. અવકાશનો સમય આની પાછળ જ વીતવા લાગ્યો. એસ.એસ.સી. પછી ઘરની સ્થિતિને કારણે ઇચ્છા છતાં અભ્યાસ આગળ વધારી શકાયો નહિ, અને અમદાવાદની ન્યૂ ક્લૉથ માર્કેટમાં નોકરીએ લાગી ગયા. પરંતુ નોકરીના કામ પછી જ્યારે સમય મળે ત્યારે એમનું આ કામ ચાલુ કરી દે. ક્વચિત્ એમની આવી કૃતિઓ વેચાય પણ ખરી. મોટે ભાગે તો દેવદેવતા ને જાણીતા વ્યક્તિવિશેષની છબીઓ તેઓ આ રીતે કાગળમાં કોતરે છે, પણ આ સિવાયના ચિત્રવિષયો પર પણ કામ કરવાની એમની નેમ છે.

આરંભમાં રેઝરની બ્લેડથી કામ કરતાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૧)










'એલ એસ ડી-૨૫' લીધા પછી ૨૦ મિનિટે, ૬૫ મિનિટ પછી બીજો ડોઝ લીધા બાદ ૨૦ મિનિટે, ને પહેલા ડોઝ પછી અઢી કલાકે કરેલાં આલેખનો



ત્રીજા આલેખન પછી થોડી વારે,


ત્યાર બાદ તુરત અને


પોણા ત્રણ કલાક પછીનાં આલેખનો.


સાડા ચાર કલાક પછી,


પોણા છ કલાક પછી અને


આઠ કલાક પછીનાં આલેખનો.

મેક્સિકોમાં 'મેસ્કલ' નામે થોરની એક જાતના દડા થાય છે. તેનો રસ બહુ કેફી હોઈ તેની અસર તળે માણસને કંઈક અવનવા ભ્રમની અનુભૂતિ થાય છે. ઈ. ૧૯૪૩માં એક સ્વીસ રસાયણશાસ્ત્રી આલ્બર્ટ હૉફમાન આ મેસ્કલ કરતાં યે વધુ કેફી પદાર્થની શોધ કરતો હતો. આ શોધ દરમિયાન એક દિવસ સાંજે ઘેર આવતાં માર્ગમાં એને કંઈક અસ્વાભાવિક અનુભવ થવા લાગ્યો. ઘેર પહોંચી પથારીમાં પડયા પછી તો એ ઓર જ પ્રકારના ચિત્રવિચિત્ર ભ્રમ અનુભવવા લાગ્યો. બીજા દિવસે જાગ્યો ત્યારે થાક વરતાવા સિવાય એ સ્વસ્થ હતો. પોતાની પ્રયોગશાળામાં આવ્યા પછી પોતે જે પદાર્થો બનાવી રહ્યો હતો તે તપાસી જોતાં તેને લાગ્યું કે જેને એણે 'એલ એસ ડી–૨૫'ની સંજ્ઞા આપી હતી તે જ પદાર્થ ચામડી દ્વારા એના શરીરમાં દાખલ થયો હશે અને તેને લીધે આગલી રાતનો અનુભવ થયો હશે. 'એલ એસ ડી' એ તેણે 'લાઈસર્જિક ઍસિડ ડાઈથાલેમાઇડ'ને માટે યોજેલી ટૂંકાક્ષરી સંજ્ઞા હતી, અને ૨૫ તે એ તૈયાર કર્યાની તારીખ હતી. વધુ ખાતરી માટે એણે પોતાને ઓછામાં ઓછો લાગ્યો તેટલો 'એલ એસ ડી'નો ડોઝ મોં વાટે લીધો. એને ખબર નહોતી કે આ પદાર્થ મેસ્કલ કરતાં યે એક હજાર ગણો કેફી હતો, અને એણે લઈ શકાય તે કરતાં ય ઘણો વધારે પ્રમાણમાં તેનો ડોઝ લીધો હતો. થોડી જ વારમાં એ અસ્વસ્થ થવા લાગ્યો, સમયભાન ગુમાવવા સાથે બીજા પણ વિચિત્ર અનુભવો તેને થવા લાગ્યા. એને ઘેર પહોંચાડવામાં આવ્યો. ત્યાં પણ એ અજબ ચિત્રવિચિત્ર ભ્રમો અનુભવવા લાગ્યો, અને એને ઊબકા પણ આવવા લાગ્યા. પોતાની માનસિક સમતુલા જોખમાઈ છે તેવું તેને લાગવા માંડયું. પણ બીજા દિવસે એ પાછો સ્વસ્થ હતો. આ પછી તો એણે મેક્સિકન લોકો પોતાના ધાર્મિક ઉત્સવો વેળા બિલાડીના જે ટોપ વાપરતા તેમાંથી યે આવો કેફી પદાર્થ તારવ્યો અને તેને 'સાઇલોસીબિન' (Psilocybin) નામ આપ્યું. હૉફમાનને થએલી ભ્રામક અનુભૂતિઓ એ 'સ્કીઝોફ્રેનિયા' નામની માનસિક સ્થિતિ જેવી હતી, જેમાં મગજ અને કાર્ય વચ્ચેનો કોઈ મેળ જળવાતો નથી. મગજની કામગીરીમાં કોઈ રાસાયણિક પ્રક્રિયા પણ ભાગ ભજવતી હશે એ સમજવા માટેની દિશામાં આવા પદાર્થોની અજમાયેશ તરફ વિજ્ઞાન ઢળ્યું હતું. આવા કેફી પદાર્થો મગજની સમતુલાની કેવી સ્થિતિ સર્જે છે તેના એક ઉદાહરણ રૂપે આ સાથે કેટલાંક આલેખનો આપ્યાં છે. 'એલ એસ ડી–૨૫'ની અસર નીચે હંગેરિયન ચિત્રકાર એલ. માતેફીએ કરેલાં આ આલેખનો જોતાં સમજી શકાશે કે આવી ભ્રમભરી માનસિક સ્થિતિમાં માણસ મગજ પરથી કેટલો કાબૂ ખોઈ બેસે છે.

સામે આપેલાં એ આલેખનોમાં પહેલું, 'એલ એસ.ડી.–૨૫'નો નાનો ડોઝ લીધા પછી ૨૦ મિનિટ બાદ ચારકોલથી કરેલું આલેખન છે. આમાં આ દવાની કોઇ ખાસ અસર પડી દેખાતી નથી. તે પછી, એટલે કે પહેલા ડોઝ પછી ૬૫ મિનિટ બાદ બીજો ડોઝ લઇને ૨૦ મિનિટ પછી બીજું આલેખન કર્યું છે. એમાં ચિત્રકાર પાત્રને બરાબર જોઇ શકે છે, પણ તેના આલેખનમા પોતાના હાથ ઉપર પૂરતો કાબૂ રહ્યો નથી એટલે ધારી રેખાઓ ઊતરતી નથી. પછી પહેલો ડોઝ લીધાના અઢી કલાક બાદ એણે ચારકોલથી ત્રીજો સ્કેચ કર્યો છે, જેમાં પાત્રની બહિર્રેખા કંઇક ઠીક છે પણ એનું આલેખન આયાસપૂર્વકનું છે. ત્યાર પછી થોડી જ વારે ચોથું આલેખન કરવામાં દવાની અસર વધી દેખાય છે. ચિત્રકારને પોતાનો પ્રયાસ નિષ્ફળ જતો લાગતાં તુરત તેણે પાંચમું આલેખન કરવા પ્રયત્ન કર્યો છે, જેમાં એનો હાથ કાગળ ઉપરથી ઊંચકી ન શકાતાં રેખાઓ કાબૂ વિના લસરતી રહી છે. ફરી એ પોણાત્રણ કલાક બાદ રંગ વડે છઠ્ઠું આલેખન કરવા મથે છે, પણ આ દરમિયાન દવાના પ્રભાવ તળે એને બધું જ એકબીજામાં સેળભેળ થઇ જતું દેખાયું છે અને કોઇ આકાર આકૃતિનું સ્પષ્ટ ભાન રહ્યું નથી. લગભગ સાડાચાર કલાક પછી ચિત્રકારે શાહી અને જલરંગ વડે પાત્ર આલેખવા મહેનત કરી છે. દવાનો કેફ હવે કંઇક ઊતર્યો હોઇ તેને પાત્ર થોડું સ્પષ્ટ દેખાય છે, પણ રેખાંકન કરવા પૂરતો કાબૂ આવ્યો નથી. હાથ હજી યે જાણે સરી પડે છે. પોણા છ કલાક પછી તે ફરી રંગીન ચાક વડે પ્રયાસ કરે છે. હજી યે એના હાથની હલચલ કાબૂ બહારની છે, પણ કેફની અસર ઘટતી લાગે છે. છેલ્લે દવા પીધા પછી આઠ કલાકે એણે ચારકોલ વડે છેલ્લું આલેખન કર્યું છે. દવાનો કેફ હવે લગભગ ઊતરી ગયો છે, પણ હજી યે હાથ અવારનવાર લસરી જતો જણાય છે. છતાં ચિત્રકારની દષ્ટિ અને મગજમાં ઠીકઠીક સ્પષ્ટતા આવી ગઇ લાગે છે. □

અનુસંધાન] **કલાવાર્તા** [પૃષ્ઠ ૧૯થી
અનેક વાર આંગળીય કપાતી, પણ કામની લગનમાં એની બહુ પરવા રહેતી નહિ. હવે તો ફાવટ આવી ગઇ છે, અને બ્લેડ ઉપરાંત ધારદાર નેરણી પણ વાપરે છે. સામાન્યત: કાગળ ઉપર પ્રથમ પેનસિલથી આલેખન કરવામાં એકદોઢ દિવસ, અને પછી કોતરણી કરવામાં એમને ચારપાંચ દિવસ લાગે છે પણ આ સમય તો એમની નોકરી અને અન્ય કામમાંથી ફાજલ પડતા વખતમાં કામ કરે ત્યારે. જો સતત બેસવા મળે તો ઓછો સમય લાગે.

એમનો આ પરિચય અને એમના કામના આ નમૂનાઓ બીજા અનેકને પ્રેરક બની રહેશે.

અનુસંધાન) **વાચકો લખે છે** [પૃ. ૪થી
...કૈલાસ શિખરના ચિત્રમાં જાળા જેવું દેખાય છે તે બારે માસ એકસરખું જ રહે છે કે ચોક્કસ સમયે બરફ ઓગળી એવું દેખાય છે?*

મારા ગામની નજીક આવેલા જૂની મેંગણી ગામના પાળિયા વિશે અગાઉ 'કુમાર'માં મારો એક પત્ર છપાએલો તેના અનુસંધાને શ્રી નરોત્તમ પલાણે સંશોધનાર્થે એ પાળિયા પરના લખાણની પ્રત મંગાવેલી. મેં મોકલેલી. આજ સુધી એ અંગે કશો પ્રકાશ પાડયો નથી. હમણાં ત્યાંથી નીકળેલા બે સિક્કા રાજકોટ જ્યુબિલી બાગમાં પુરાતત્ત્વ ખાતાની કચેરીમાં બતાવેલા. એના ઉપર 'મહમદ' લખેલું છે એમ અધિકારીએ કહ્યું. થોડા સમય પછી ખોદકામ હાથ ધરવા સંમત થયા છે. 'મુંગીપુર પાટણ' કે એવું કોઈ ગામ ભૂતકાળમાં હતું? ઇતિહાસ કંઈ કહે છે? જાણકારો જણાવવા કૃપા કરે.

(નવી મેંગણી) –ભાસ્કરભાઈ ન. સ્વાદિયા

*ઋતુ અનુસાર બરફની વધઘટ સાથે કૈલાસ શિખર લગભગ હમેશાં આવું જ દેખાય છે. કૈલાસ શિખરનો એ બ્લૉક કેટલીક નકલોમાં ઊંધો છપાયો છે, તથા નંદાદેવીની ફૂટમાં ઊંચાઈ ગણવામાં પણ અમારી ભૂલ થઈ છે. એ બદલ અત્યંત દિલગીર છીએ. —સં.

સાહિત્યસંપર્ક

[સંજોગોવશાત્ પાછલા અંકોમાં આ વિભાગની નિયમિતતા જાળવી શકાઈ નથી તેનો અમને અત્યંત ખેદ છે. આ અંકથી એ નિયમિત આપતા રહેવાનો પુનઃ આરંભ કરીએ છીએ. તેમાં નવાં પ્રકાશનોની સાથે આ પહેલાં મળેલાં પુસ્તકોમાંથી પણ શક્ય તેટલાની નોંધ આપવાનો અમારો પ્રયત્ન રહેશે.]

બે સંગ્રહ-યોગ્ય પ્રકાશનો

પંચ મહાકાવ્ય : પોતાના રજતજયંતી વર્ષથી 'ગુજરાતી કવિતાના ઋતુપત્ર' 'કવિલોકે' વર્ષના અંતે કાવ્યક્ષેત્રે એક અભ્યાસપૂર્ણ વિશિષ્ટ અંક આપવાની એક પ્રશંસનીય પરંપરા સ્થાપી છે. તેમાં વિશ્વના 'સાત મહાકાવ્યો' આપ્યા પછી 'કવિલોકે' કરેલું 'પંચ મહાકાવ્ય'નું પ્રદાન પણ એટલું જ આવકાર્ય અને ઉપયોગી છે. આ પ્રકાશનમાં આપણાં – 'કુમારસંભવ', 'રઘુવંશ', 'કિરાતાર્જુન', 'શિશુપાલ વધ' અને 'નૈષધચરિત' એ પાંચ સંસ્કૃત મહાકાવ્યોનો સમાવેશ છે. સમગ્ર કૃતિ રૂપે નહિ, પણ તે કૃતિના આસ્વાદ્ય અંશના અનુવાદો સાથે તે તે મહાકાવ્યના વિષય વસ્તુનો સાર, તેનું રસદર્શન તથા તેની સાહિત્યિક સમૃદ્ધિ અને કલાના સૌંદર્યનો પરિચય તેમાં કરાવ્યો છે. સંસ્કૃત કાવ્યના અભ્યાસી વિદ્વાનો – સર્વશ્રી ગૌતમ પટેલ, પરમાનંદ દવે, ભગવતીપ્રસાદ પંડ્યા, સુરેશ દવે તથા કનુભાઈ જાનીએ આ મહાકાવ્યોનું વિવિધ દૃષ્ટિકોણથી જે આસ્વાદ્ય દર્શન કરાવ્યું છે તેમાં સર્વશ્રી ધીરુ પરીખ, જયંત પાઠક, ચંદ્રકાન્ત શેઠ તથા વિજય પંડ્યાના અભ્યાસપૂર્ણ લેખોએ વિશેષ પૂર્તિ કરી આ સંપાદનને સવિશેષ મહત્ત્વ અર્પ્યું છે. સંસ્કૃત સાહિત્યમાં રસ ધરાવતા સૌ કોઈ અભ્યાસ-અર્થી અને ભાવકના ગ્રંથસંગ્રહમાં આ એક અનિવાર્ય તેમજ મૂલ્યવાન ઉમેરણ બની રહેશે. સંપાદક : ધીરુ પરીખ.

(પ્રકાશક : 'કવિલોક', લાવણ્ય, વિજય પાર્ક, નવરંગપુરા, અમદાવાદ-૪૮૦ ૦૦૯. કિંમત રૂ. ૩૦ + રૂ. ૪ રજિ. ટપાલ ખર્ચ)

ફ્લેશ ફોટોગ્રાફી:

'ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍપ્લાઈડ ફોટોગ્રાફી'એ ગુજરાતી ભાષામાં ફોટોગ્રાફી ઉપરનાં અધિકૃત માહિતીપૂર્ણ પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું એક કાર્ય ઉપાડ્યું છે. તેમાં આ અગાઉ 'ફોટોગ્રાફીસૂત્રપોથી' પ્રકટ થયા બાદ 'ફ્લેશ ફોટોગ્રાફી' વિષે આ બીજું એવું જ ઉપયોગી અને માહિતીસભર પ્રકાશન છે. આની પ્રસ્તાવનામાં લેખક વિક્રમ દલાલ જણાવે છે કે—

'સૂર્ય કે વીજળીના ગોળામાંથી આવતા અવિરત પ્રકાશ વડે ફોટો પાડતી વખતે ઍક્સપોઝરની ગણતરી માટે ઍક્સપોઝર મીટરની મદદ લઈ શકાય છે, પરંતુ ફ્લેશનો ઝબકારો ખૂબ જ ટૂંકો હોવાને કારણે ફ્લેશ ફોટોગ્રાફી માટે તે કામ લાગી શકતું નથી. ફ્લેશ માટેનું ખાસ ફ્લેશમીટર મળે છે, પરંતુ તે મોંઘું અને મેળવવું મુશ્કેલ છે. કૉમ્પ્યુટર ફ્લેશ આવ્યા પછી આ ફ્લેશ-મીટરનું મહત્ત્વ ઓછું થયું છે.

ફ્લેશ ફોટોગ્રાફીમાં એક્સપોઝરની ગણતરી મીટર વગર પણ થઈ શકે છે, પરંતુ ઘણા ફોટોગ્રાફરો એ વિષે અજાણ હોઇને મૂંઝવણ અનુભવે છે. વળી, પૂરતા માર્ગદર્શનને અભાવે બહુ ઓછા ફોટોગ્રાફરો વિવિધ રીતે ફ્લેશનો ઉપયોગ કરી શકે છે.

આ પુસ્તિકામાં આપેલી એક્સ્પોઝરની ગણતરીઓ અને ફ્લેશના વિવિધ ઉપયોગની આલોચના ફ્લેશ અંગેની સમજને વધારે સ્પષ્ટ કરવામાં પ્રકાશ ફેંકશે...'

લેખકે જણાવ્યા પ્રમાણે આ પ્રકાશનનો ઉદ્દેશ એમણે સંપૂર્ણતઃ સિદ્ધ કર્યો છે તેમ ફોટોગ્રાફીના જાણકાર અને શિખાઉ સૌ કોઈ આ પુસ્તક જોતાં જ સમજી શકશે. તેમાં એમણે ફ્લેશની જરૂરતથી માંડી, ફ્લેશના પ્રકાર, એક્સ્પોઝરની વિગતવાર સમજણ, ફ્લેશ સિંક્રોનાઇઝેશન, ફ્લેશના ઉપયોગની વિવિધ રીતો અને પ્રકીર્ણ ઉપયોગી સૂચનો તથા ફ્લેશની સંભાળ અંગે જરૂરી એવી બધી જ માહિતી અને માર્ગદર્શન આપ્યાં છે. એટલું જ નહિ, આ વિષયની વધુ સ્પષ્ટતાથી સવિગત સમજણ આપતી ૨૯ આકૃતિઓ ઉપરાંત, ફ્લેશના ઉપયોગની સાચી રીતની સમજ આપતા ૪૦ ફોટો આપ્યા છે. ફ્લેશ ફોટોગ્રાફી અંગેના બધા જ પ્રશ્નોને આવરી લઈ તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન અને સમજ આપતું આ અત્યંત ઉપયોગી પ્રકાશન ફોટોગ્રાફી શીખતા તથા ફોટોગ્રાફી કરતા પ્રત્યેકે વસાવવા યોગ્ય છે.

(પ્રકાશક : ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફોટોગ્રાફી, ૧૯, ઇન્કિલાબ સોસાયટી, અમદાવાદ-૩૮૦૦૧૫, પૃ. ૮૨, રૂ. ૩૦, પોસ્ટેજ રૂ. ૪. અલગ)

આવકાર

હુલહુલિયા હનુમાન : કલકત્તાના ગુજરાતી સાહિત્ય વર્તુલથી જ્ઞાત અને વિવેચનાત્મક લેખોના વાચકોને સાહિત્યના વ્યાસંગી શ્રી જયંતીલાલ મહેતાનું નામ અપરિચિત નથી, પણ વાર્તાલેખક તરીકે એમનું નામ કેટલાકને આશ્ચર્ય અને આનંદ પ્રેરશે. આમ તો વિવિધ સામયિકોમાં વર્ષોથી એમની એકલદોકલ વાર્તાઓ પ્રકટ થતી રહી છે, પરંતુ છૂટકછૂટક લાંબે ગાળે પ્રકટ થએલી એ વાર્તાઓએ એમની આ શક્તિને લગભગ ગોપિત રાખી હતી. તાજેતરમાં કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળના સુવર્ણમહોત્સવ પ્રસંગે એમણે પોતાનો આ વાર્તાસંગ્રહ આપીને એક આનંદઆશ્ચર્ય સરજી પોતાની આ આગવી શક્તિનો સરસ પરિચય આપ્યો છે. આ સંગ્રહમાં પ્રકટ થએલી પંદર વાર્તાઓમાં વાર્તાવસ્તુના વૈવિધ્ય ઉપરાંત, આયાસરહિત સરળ સાહજિકતા અને વાસ્તવિકતાની ભૂમિ પર મંડાણ પામેલી લાગણીના ઉભરાની આડંબર વિનાની જે આગવી રીતે રજૂઆત કરી છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

(પ્રકાશક: તરલાબહેન મહેતા, ૧ કમલ વિહાર ફ્લેટ્સ, એયસ રેસિંગ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. પૃ. ૭૫, કાચું પૂઠું, કિંમત રૂ. ૧૦)

પરિચય પુસ્તિકાનાં પચીસ વર્ષ

છેલ્લાં ૨૯ વર્ષથી દર મહિને બે પુસ્તિકાના હિસાબે સતત નિયમિત રીતે પરિચય પુસ્તિકાના પ્રકાશકોએ લોકોમાં જે જ્ઞાન અને સમજ પ્રસાર્યાં છે તે ગુજરાતમાં જ નહિ, દેશભરમાં અદ્વિતીય છે. મર્યાદિત પૃષ્ઠ સંખ્યામાં પણ સરળ ભાષામાં અને જે તે વિષયના અધિકારી લેખકો દ્વારા લખાએલી આ પુસ્તિકાઓએ જ્ઞાનવિજ્ઞાનના લગભગ દરેક વિષયને આવરી લઈ તેના વિષે સવિગત પાયાની સમજ તો આપી જ છે, ઉપરાંત, કોઈ પણ ક્ષેત્રની અસાધારણ ઘટનાનું હાર્દ અને મહત્ત્વ પણ સમજાવ્યું છે. પોતાનાં પચ્ચીસ વર્ષનાં કાર્ય દરમિયાન તેણે વીસ લાખ જેટલા વાચકોમાં એમના જ્ઞાનયજ્ઞનો જે પ્રસાદ પહોંચાડ્યો છે તેનો શ્રી કૃષ્ણવીર દીક્ષિતે આ પુસ્તિકામાં સ-રસ ઇતિહાસ આલેખ્યો છે.

(પૃષ્ઠ ૩૨, કિં. ૧-૫૦)

ઇન્દિરા ગાંધી : પરિચય પુસ્તિકાની ૬૨૪-મી પુસ્તિકા. શ્રીમતી ગાંધીની હત્યા પછી એમના વિષે જુદાજુદા દૃષ્ટિકોણથી નાનીમોટી અનેક નોંધો પ્રસિદ્ધ થઇ, પરંતુ એમની કારકિર્દીના મહત્ત્વના તબક્કાઓને આવરી લેવા સાથે એમની શક્તિઓ અને ક્ષતિઓનો તાટસ્થ્યપૂર્વક શ્રી વાડીલાલ ડગલીએ,

આપેલો આ સરળ પરિચય ટૂંકમાં પણ ઘણું કહી જાય છે.
(પૃ. ૩૨, કિ. ૧-૫૦)

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય (રાયખડ-અમદાવાદ)નાં પ્રકાશનો

દ્વિરેફનો વાર્તાગુંજાર : 'દ્વિરેફ'ના ઉપનામથી શ્રી રામનારાયણ વિ. પાઠકે લખેલી વાર્તાઓમાંથી આપણા તળપદા સમાજ-જીવનને સ્પર્શતી ચિંતનભરી ૧૭ વાર્તાઓનો શ્રી હીરાબેન પાઠકે કરેલો સંચય.
(પૃ. ૧૮૪, કાચું પૂઠું, કિ. ૭-૫૦)

નિત્યનો આચાર : રોજિંદા જીવનની દિનચર્યા અંગે માર્ગદર્શન આપતા શિષ્ટ આચારના નિયમોનું નિરૂપણ (૪થી આવૃત્તિ). લેખક: રામનારાયણ વિ. પાઠક.
(પૃ. ૯૬, કાચું પૂઠું, કિં. ૫-૦૦)

સદ્‌બોધશતક : નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂત મહારાજે ભર્તૃહરિનાં ત્રણ શતકોમાંથી પસંદ કરેલા શ્લોકો પર કરેલી ટીકાનો ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવેનો મૂળ સંસ્કૃત ટીકા સાથેનો ગુજરાતી અનુવાદ.
(પૃ. ૧૯૨, કાચું પૂઠું, કિં. ૮-૫૦)

ગીતાનવનીત : ગીતાના અઢારે અધ્યાયને અઢાર વિભાગમાં વણી લઈ નવીન દૃષ્ટિથી સરળ રીતે ગીતાનું રહસ્ય સમજાવતા, મૂળ જાણીતા વિદ્વાન હિંદી લેખક શ્રી વાસુદેવશરણ અગ્રવાલના લેખોનો ગુજરાતી અનુવાદ.
અનુવાદક: પ્રા. મગનલાલ પંડ્યા.
(પૃ. ૧૪૦, કાચું પૂઠું, કિં. ૭-૫૦)

સં. ૨૦૪૧નું શુદ્ધ કાર્તિકી પંચાંગ : છેલ્લાં ૪૨ વર્ષથી એકસરખી લોકપ્રિયતા ધરાવતું નવા વર્ષનું પંચાંગ. જેમાં પંચાંગને અનુરૂપ એવી લગભગ ૬૦ પ્રકારની માહિતી સાથે 'કાલસર્પ-યોગ' વિષે શાસ્ત્રીય ચર્ચા કરતા વિચારણીય લેખનો સમાવેશ છે.
(પૃ. ૯૫, કાચું પૂઠું, કિં. ૬-૦૦)

આર. આર. શેઠની કંપની (મુંબઈ-૨ અને અમદાવાદ-૧)નાં ત્રણ પ્રકાશનો

લેડીઝ કમ્પાર્ટમેન્ટ : વાચિક અભિનયના સુંદર પ્રયોગ સમું ત્રિઅંકી નાટક. આની સાથે 'હવે તો હરિ આવોને' નામનું આવું જ એક દ્વિઅંકી નાટક પણ છે. લેખક: શિવકુમાર જોષી.
(પૃ. ૧૨૪, કાચું પૂઠું, કિ. ૧૪-૫૦)

શિશુલોક : ગુજરાતના ગણ્યમાન્ય કવિ 'ઉશનસ્'નો શિશુલોકનો આવિર્ભાવ પ્રકટ કરતો વિશિષ્ટ સંગ્રહ.
(પૃ. ૮૬, કાચું પૂઠું, કિ. ૧૧)

જીવન-પરિચય ગ્રંથમાળા : શ્રી ગિજુભાઈ અને તારાબેને કરેલી બાલસાહિત્યની કૃતિઓ – ઘરમાં, શેરીમાં, બાળશાળામાં, કુદરતમાં, કબાટ, આંગણામાં, ભોં ભોં ભોં અને ટપાલની પેટી – એમ કુલ આઠ સરળ બાલભોગ્ય પુસ્તિકાઓ.
(દરેક પુસ્તિકાનાં ૩૨ પૃષ્ઠ, સેટની કિં. ૨૦)

પથ્થર ભીના ભીતર કોરા : ભૂવડના ટેકીલા મેણશીઆ રાવળે જોગીદાસ ચારણના રાગા ગામમાં કરેલા ત્રાગાની લોકબોલીમાં લખાએલી કથા. આની સાથે 'ટાઢલે ટહુકે મોરલિયો' નામની એક બીજી લોકકથા પણ આપેલી છે. લેખક: ગુણવંત ભટ્ટ.
(પ્રકાશક: લોકપ્રિય પ્રકાશન, ૧૧૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૧. પૃ. ૨૭૨, પાકું પૂઠું, કિ ૩૦)

શ્રી કેદારનાથજીનું સાહિત્ય

જેમના વિચારોને ગાંધીજી આદરપૂર્વક આવકારતા અને કિશોરલાલ મશરૂવાળાએ જેમને ગુરુપદે સ્થાપ્યા હતા તે, વ્યવહાર-શુદ્ધિના પ્રણેતા શ્રી કેદારનાથજીનું આ જન્મ-શતાબ્દી-વર્ષ છે. શ્રી કેદારનાથ ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા નવજીવન ટ્રસ્ટના સહકારથી આ શતાબ્દી વર્ષમાં શ્રીનાથજીનું સાહિત્ય પડતર કિંમતે પ્રસિદ્ધ કરવાનું નક્કી કરાયું છે. તેમાં 'વિવેક અને સાધના', 'વિચારદર્શન', 'સુસંવાદ' અને 'સંસ્મરણો' એ ચાર પુસ્તકોનું લગભગ નવસો પાનાંનું વાચન ફેબ્રુઆરીના અંત સુધી માત્ર પાંત્રીસ રૂપિયામાં આપવામાં આવશે. જિજ્ઞાસુઓ જ નહિ, પરંતુ ઉન્નત જીવનની અભિલાષા રાખનાર સહુ કોઇને આ સાહિત્ય માર્ગદર્શક થઈ પડશે. ૧૨ ફેબ્રુઆરીએ આ ગ્રંથાવલિનું પ્રકાશન અમદાવાદ ખાતે એક ખાસ સમારંભમાં કરવામાં આવશે.

ટૂંકી વાર્તાની સ્પર્ધા

અપંગોને સ્નેહ, સહાનુભૂતિ અને સહાય આપતા 'મમતાકેન્દ્ર'એ આ વર્ષે અપંગોના જીવનને વણી લેતી મૌલિક અને અપ્રકટ વાર્તાની આ સ્પર્ધા યોજી છે. જેમાં અનુક્રમે 'મમતા શિલ્ડ' તથા રૂ. ૭૫ અને ૫૧નાં બે રોકડ ઈનામો અપાશે. વાર્તા ૩૧ માર્ચ '૮૫ સુધીમાં નીચેના સરનામે મોકલવી. પ્રમુખશ્રી: મમતા કેન્દ્ર, નાની કડી, પિનકોડ ૩૮૨૭૧૫.

સમુડી : યોગેશ જોષીની એક લઘુનવલ.
(પ્રકાશક: વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૫. (પૃ. ૧૫૨, કાચુ પૂઠું, કિ. ૧૦)

અનુસંધાન] **આના પાવલોવા** [પૃષ્ઠ ૮થી
સંગીત કે સિનારિયો પાવલોવા પાસે નહોતાં. પણ એની શક્તિમાં કોઈ એવું આગવું તત્ત્વ હતું કે તદ્દન સામાન્ય બાબતને પણ એ પોતાનાં નૃત્યોમાં કંઈક મહાન બનાવી મૂકતી. 'ધ ડાઇંગ સ્વૉન', 'ધ કૅલિફોર્નિયન પૉપી', 'ધ ડ્રેગન ફ્લાય' વગેરે નૃત્યોની એની રજૂઆત હજી યે કલારસિકો ભૂલ્યા નથી. આમાં યે 'ધ ડાઈંગ સ્વૉન' તો એની ભાવભરપૂર સાદગીને કારણે ત્યાર સુધીનાં ઝાકઝમાળ એકાકી નૃત્યોથી દૂર અને બૅલેનર્તનની કળાની દૃષ્ટિએ ક્રાંતિકારક કહી શકાય એવું હતું. આના પાવલોવા જેને માટે વિખ્યાત હતી એ એની આગવી નૃત્યશક્તિ તથા તેની ઊંડી અસરકારકતા 'ધ ડાઈંગ સ્વૉન'માં પૂર્ણતઃ જોવા મળતી. કદાચ કહી શકાય કે એનું આ નૃત્ય આ યુગમાં વધુમાં વધુ ખ્યાતિ પામેલું નૃત્યસર્જન હતું.

ઈ. ૧૯૩૧માં એની મંડળી હૉલૅન્ડમાં હતી ત્યારે ૨૩ જાન્યુઆરીએ પાવલોવાનું અવસાન થયું. સમગ્ર વિશ્વે એનો આઘાત અનુભવ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય. એની વય ત્યારે પૂરી પચાસની યે નહોતી. પણ બૅલેના શ્રમથી નહિ, પરંતુ કદાચ સતત પ્રવાસોની એને અસર થઈ હશે. અવસાન પૂર્વે બેએક વર્ષ પહેલાં એણે નિવૃત્તિ લેવા અંગે અછડતો ઉલ્લેખ કરેલો, પણ એના જેવી સદાય કાર્યશીલ વ્યક્તિને એ માફક આવે જ નહિ. નૃત્ય વિના એ કેવી રીતે રહી શકે?

રવિવારે એનું અવસાન થયું તે રાતે જ એનો કાર્યક્રમ હતો. નૃત્યને સ્થાને તેને માનાંજલિ આપવાનું ગોઠવાયું. એના 'ધ ડાઈંગ સ્વૉન' સાથે રજૂ થતા સંગીતના સૂર રેલાવા લાગ્યા અને અંધારભર્યા તખતાનો પડદો ઊંચકાયો. તખતા ઉપર જ્યાં પાવલોવા પોતાનું આ વિખ્યાત નૃત્ય રજૂ કરતી તે સ્થાન ઉપર સ્પૉટ-લાઈટનું ચકરડું ઝળહળી ઊઠ્યું. પ્રેક્ષકો જ્યાં પાવલોવાને જોતા ત્યાં આ પ્રકાશવર્તુળ જ માત્ર હતું. કોઈ અજબ અસરની સમજદારીથી બધાં જ પ્રેક્ષકો પોતાની બેઠકોમાંથી ઊભાં થઈ ગયાં તથા જ્યાં સુધી સંગીત રેલાતું રહ્યું ત્યાં સુધી મૌન ઊભાં રહ્યાં. અને પછી પડદો પડી ગયો. આ સમગ્ર મૌન માહોલમાંથી જાણે એક જ સૂર ઊઠતો હતો–'અલવિદા, પાવલોવા.'

સિંહો કે લેંહડે નહીં, હંસોં કી નહીં પાંત;
લાલોં કી નહીં બોરિયાં, સાધ ન ચલૈ જમાત.

— કબીર

વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓમાં એક વાર સખત દરિયાઈ તોફાનમાં એક વહાણ સપડાતાં તેનાં થોડાં માણસ દરિયામાં ઊડી પડયાં. એ જોઈ વહાણ પરના એક હબસી ગુલામ તત્કાળ દરિયામાં કૂદી પડ્યો અને જીવસટોસટની એવી જહેમત ખેડીને પાંચ જણને બચાવ્યા કે જેથી સૌ દાંતમાં આંગળાં પકડી ગયા!

છઠ્ઠાને બચાવવા તે દરિયામાં કૂદતો હતો એવામાં વહાણના કપ્તાને તેને કહ્યું: 'બસ છે; તેં એટલું પરાક્રમ કર્યું છે કે ગુલામીમાંથી હું તને છુટકારો આપું છું.'

'પણ ત્યાં હજી એક છઠ્ઠો માણસ ગળચવાં ખાય છે. એનો જીવ પહેલો, મારી મુક્તિ પછી.' ને એટલું કહી એ દરિયામાં કૂદી પડ્યો.

∞

કહેવતોના અર્થ: 'ફોઇને મૂછ હોય તો કાકા ન કહેત ?'—ખરે ટાણે બીકણપણું કે નામર્દી બતાવનાર વિષે તાતો ઉપાલંભ આપતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ એટલો જ સચોટ છે.

યુનિવર્સિટી ઑવ આયોવાના સંશોધકોએ દાંતની સુરક્ષા માટે એક નવું પ્રવાહી તૈયાર કર્યું છે, તેમાં ફ્લોરાઈડ કૅલ્શિયમ અને ફૉસ્ફરસને સમાવિષ્ટ કરેલાં છે. ફ્લોરાઈડ દાંતમાંના જીવાણુઓ સામે લડે છે, જ્યારે કૅલ્શિયમ અને ફૉસ્ફરસ દાંતના બાહ્ય કઠણ આવરણને મજબૂત બનાવે છે.

ટ્રિટિકેલ – એક નવું ધાન્ય

રાઈ (rye) નામે ઘઉંના જેવો એક છોડ થાય છે. તેના દાણા ઢોરના ખાણ માટે, અને તેનો લોટ પાંઉં બનાવવામાં વપરાય છે. વ્હિસ્કી બનાવવામાં પણ આ રાઇનો ઉપયોગ થાય છે. જર્મનીના વિજ્ઞાનીઓએ આ રાઈ તથા ઘઉંની એક સંકર જાત બનાવી છે, જેને તેમણે ટ્રિટિકેલ (triticale) નામ આપ્યું છે. નબળી જમીનમાં પણ આ ટ્રિટિકેલનો વધુ ફાલ ઊતરે છે અને તેમાં ઘઉં કે રાઈ કરતાં પ્રોટીનનું પ્રમાણ પણ વધારે જોવા મળ્યું છે.

આ અંકમાં 'કુમાર પ્રકાશન ટ્રસ્ટ'ની વિજ્ઞપ્તિ આપે વાંચી જ હશે. 'કુમાર'ના જે સ્વરૂપની આપને અપેક્ષા છે તે પૂરી કરવા માટેનો અમારો આ એક પ્રયત્ન છે. એ માટે આપ સૌ વાચકો પણ જાહેરખબરો, અને ખાસ તો નવા ગ્રાહકો મેળવી આપીને અમારા આ પ્રયત્નમાં બળ પૂરી શકો. આપ જેના ગ્રાહક છો એ 'કુમાર' માટે આટલું તો કરશો જ એવી અમારી આશા છે.

જ્યારે લોઢું કટાય છે ત્યારે તેમાંથી ગરમીના રૂપમાં ઉર્જા બહાર પડે છે. લાકડાના ખોખામાં જો ઠાંસીને લોઢાનો વ્હેર ભરી તે ખોખાને બંધ કરી રાખ્યું હોય તો તેમાંનો વ્હેર કટાય ત્યારે તેમાંથી પ્રકટતી ગરમી કદાચ એ ખોખાને બાળી પણ નાખે.

રોમના કૉલોઝીઅમમાં ૪૫૦૦૦ પ્રેક્ષકો બેસી શકતા હતા.